*SESSIONS CASE NO./85/2021*

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૬/૦૮/૨૦૨૧ | | |
| રજીસ્ટર તારીખ | ૦૬/૦૮/૨૦૨૧ | | |
| નિકાલ તારીખ | ૧૬/૦૪/૨૦૨૬ | | |
| સમય અવધી | વર્ષ | માસ | દિવસ |
| | ૦૪ | ૦૮ | ૧૧ |

## રાજકોટના મહે. એડીશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામઃ રાજકોટ.

**સેશન્સ કેસ નંબરઃ ૮૫/૨૦૨૧.**
**આંકઃ ૧૯૦**

**ફરિયાદી.**

**સરકારશ્રી,**

**-// વિરૂદ્ધ //-**

**આરોપી.**

**(૧) આશીફ ઉર્ફે ગંધારો સુલેમાનભાઈ સમા,**
ઉ.વ. આ.૪૨,
રહે.જંગલેશ્વર શેરી નં.૨૯ ના છેડે,
તવકકલ ચોક, રાજકોટ.

**બાબત:** **ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૭, ૩૨૬, ૩૨૫, ૩૨૪,૩૨૩,૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,૫૦૪,૫૦૬, ૪૨૭ તથા જી.પી.એકટની કલમ-૧૩૫(૧) મુજબ.**

**વકિલશ્રીઓ::**
ફરિયાદપક્ષ તરફે વિદ્વાન એપીપીશ્રી પી.કે.પટેલ.
બચાવપક્ષ તરફે વિદ્વાન વકિલ શ્રી એચ.એમ.હેરંજા.

## <u>ફોર્મ–બી</u>

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૧૨/૧૦/૨૦૧૯ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૧૨/૧૦/૨૦૧૯ |
| ચાર્જશીટની તારીખ | ૦૬/૦૮/૨૦૨૧ |
| ચાર્જ ફરમાવ્યાની તારીખ | ૦૩/૦૩/૨૦૨૨ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૦/૦૩/૨૦૨૨ |
| ચુકાદો અનામત રાખ્યાની તારીખ | ૦૨/૦૪/૨૦૨૬ |
| ચુકાદો આપ્યા તારીખ | ૧૬/૦૪/૨૦૨૬ |
| સજાનો હુકમ સાંભળ્યાની તારીખ, જો હોય તો | –– |

## <u>આરોપીની વિગત</u>

| આરોપીનો ક્રમ | આરોપીનુ નામ | અટક કર્યાની તારીખ | જામીન પર છુટયાની તારીખ | ગુનાની વિગત | શું આરોપી નિર્દોષ કે સજા થયેલ તેની વિગત | સજાની વિગત | ટ્રાયલ દરમ્યાન કાચા કામે ભોગવેલ સજાનો સમયગાળો (Cr.P.C. Se.૪૨૮ મુજબ) |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | આશીફ ઉર્ફે ગંધારો સુલેમાન ભાઈ સમા | ૨૮/૦૭/૨૦૨૦ | | ઇ.પી.કો.કલમ ૩૦૭, ૩૨૬,૩૨૫, ૩૨૪,૩૨૩, ૧૪૩,૧૪૭, ૧૪૮,૧૪૯, ૫૦૪,૫૦૬, ૪૨૭ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબ . | નિર્દોષ | – | |

*SESSIONS CASE NO./41/2022*

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૬/૦૪/૨૦૨૨ | | |
| રજીસ્ટર તારીખ | ૦૬/૦૪/૨૦૨૨ | | |
| નિકાલ તારીખ | ૧૬/૦૪/૨૦૨૬ | | |
| સમય અવધી | વર્ષ | માસ | દિવસ |
| | ૦૪ | ૦૦ | ૧૧ |

**સેશન્સ કેસ નંબરઃ ૪૧/૨૦૨૨.**
**આંકઃ**

**ફરિયાદી.**

**સરકારશ્રી,**

**-// વિરૂદ્ધ //-**

**આરોપી.**

**(૧) નિલોફર ઉર્ફે નિલુડી અજીતભાઇ હિંગોરા,**
ઉ.વ. આ.૨૦, વ્યવસાય : ઘરકામ,
રહે.જંગલેશ્વર મેઇન રોડ, વેલનાથ ચોક,
રાધાકૃષ્ણનગર શેરી નં.૧૩, રાજકોટ.

**(૨) રોશનબેન આશીફભાઇ સમા,**
ઉ.વ. આ.૨૮,
રહે.જંગલેશ્વર શેરી નં.૨૯,
તવકકલ ચોક, રાજકોટ.

**(૩) જુનેદ ઉર્ફે રાજુ સુમરો અલીમહમદ દોઢીયા, (એબેટ)**
ઉ.વ. આ.૪૨,
રહે.જંગલેશ્વર, અંકુર સોસાયટી શેરી નં.૧,
હુશૈની મંઝીલ, રાજકોટ.

**બાબત:** **ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૭, ૩૨૬, ૩૨૫, ૩૨૪,૩૨૩,૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,૫૦૪,૫૦૬, ૪૨૭ તથા જી.પી.એકટની કલમ-૧૩૫(૧) મુજબ.**

**વકિલશ્રીઓઃ:**
ફરિયાદપક્ષ તરફે વિદ્ધાન એપીપીશ્રી પી.કે.પટેલ.
બચાવપક્ષ તરફે વિદ્ધાન વકિલ શ્રી આર.એમ.પટગીર.

## ફોર્મ–બી

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૧૨/૧૦/૨૦૧૯ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૧૨/૧૦/૨૦૧૯ |
| ચાર્જશીટની તારીખ | ૦૨/૦૯/૨૦૨૦ |
| ચાર્જ ફરમાવ્યાની તારીખ | ૧૯/૦૪/૨૦૨૨ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૦/૦૩/૨૦૨૨ |
| ચુકાદો અનામત રાખ્યાની તારીખ | ૦૨/૦૪/૨૦૨૬ |
| ચુકાદો આપ્યા તારીખ | ૧૬/૦૪/૨૦૨૬ |
| સજાનો હુકમ સાંભળ્યાની તારીખ, જો હોય તો | –– |

## આરોપીની વિગત

| આરોપી નો ક્રમ | આરોપીનુ નામ | અટક કર્યાની તારીખ | જામીન પર છુટયાની તારીખ | ગુનાની વિગત | શું આરોપી નિર્દોષ કે સજા થયેલ તેની વિગત | સજાની વિગત | ટ્રાયલ દરમ્યાન કાચા કામે ભોગવેલ સજાનો સમયગાળો (Cr.P.C. Se.૪૨૮ મુજબ) |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | નિલોફર ઉર્ફે નિલુડી અજીતભાઇ હિંગોરા | ૦૮/૦૨/૨૦૨૦ | | ઇ.પી.કો.કલમ ૩૦૭, ૩૨૬,૩૨૫, ૩૨૪,૩૨૩, ૧૪૩,૧૪૭, ૧૪૮,૧૪૯, ૫૦૪,૫૦૬, ૪૨૭ તથા જી.પી.એક્ટની કલમ– ૧૩૫(૧) મુજબ . | નિર્દોષ | – | |
| ૨. | રોશનબેન આશીફભાઇ સમા | ૦૮/૦૨/૨૦૨૦ | | ઇ.પી.કો.કલમ ૩૦૭, ૩૨૬,૩૨૫, ૩૨૪,૩૨૩, ૧૪૩,૧૪૭, ૧૪૮,૧૪૯, ૫૦૪,૫૦૬, ૪૨૭ તથા જી.પી.એક્ટની કલમ– ૧૩૫(૧) મુજબ . | નિર્દોષ | – | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૩. | જુનેદ ઉર્ફે રાજુ સુમરો અલીમહમદ દોઢીયા | ૦૯/૦૨/૨૦૨૦ | | ઇ.પી.કો.કલમ ૩૦૭, ૩૨૬,૩૨૫, ૩૨૪,૩૨૩, ૧૪૩,૧૪૭, ૧૪૮,૧૪૯, ૫૦૪,૫૦૬, ૪૨૭ તથા જી.પી.એકટની કલમ– ૧૩૫(૧) મુજબ . | નિર્દોષ | – | |

*SESSIONS CASE NO./50/2022*

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૧૫/૦૪/૨૦૨૨ | | |
| રજીસ્ટર તારીખ | ૧૫/૦૪/૨૦૨૨ | | |
| નિકાલ તારીખ | ૧૬/૦૪/૨૦૨૬ | | |
| સમય અવધી | વર્ષ | માસ | દિવસ |
| | ૦૪ | ૦૦ | ૦૨ |

**સેશન્સ કેસ નંબરઃ ૫૦/૨૦૨૨.**
**આંકઃ**

**ફરિયાદી.**

**સરકારશ્રી,**

**-// વિરૂધ્ધ //-**

**આરોપી.**

**(૧) મોઇન મહેબુબભાઇ અજમેરી,**
ઉ.વ. આ.૨૦, વ્યવસાય : મજુરીકામ,
રહે.જંગલેશ્વર મેઇન રોડ, વેલનાથ ચોક,
રાધાકૃષ્ણનગર શેરી નં.૧૩, રાજકોટ.

**(૨) એઝાજ અનવરભાઇ અજમેરી,**
ઉ.વ. આ.૨૩, વ્યવસાય : મજુરીકામ,
રહે.જંગલેશ્વર મેઇન રોડ, વેલનાથ ચોક,
રાધાકૃષ્ણનગર શેરી નં.૧૩, રાજકોટ.

**(૩) અજસિંહ પ્રવિણસિંહ જાડેજા,**
ઉ.વ. આ.૨૪, વ્યવસાય : મજુરીકામ,
રહે.જંગલેશ્વર મેઇન રોડ, વેલનાથ ચોક,
ખોડીયાર પાનની બાજુમા, રાજકોટ.

**(૪) સોહીલ ઉર્ફે નાનો સોહીલો અબ્દુલભાઇ હિંગોરા,**
ઉ.વ. આ.૧૯, વ્યવસાય : મજુરીકામ,

**(૫) સોહીલ ઉર્ફે મોટો સોહીલો અબ્દુલભાઇ હિંગોરા,**
ઉ.વ. આ.૨૩, વ્યવસાય : રીક્ષા ડ્રાઇવીંગ,

**(૬) ઝરીનાબેન અજીતભાઇ અબ્દુલભાઇ હિંગોરા,**
ઉ.વ. આ.૪૦, વ્યવસાય : ઘરકામ,

**(૭) અનવર ઉર્ફે અનું હબીબભાઈ અજમેરી,**
ઉ.વ. આ.૪૮, વ્યવસાય : મજુરીકામ,

**(૮) અજીત અબ્દુલભાઈ હિંગોરા,**
ઉ.વ. આ.૪૯, વ્યવસાય : રીક્ષા ડ્રાઈવીંગ,
૪ થી ૮ રહે.જંગલેશ્વર મેઈન રોડ, વેલનાથ ચોક,
રાધાકૃષ્ણનગર શેરી નં.૧૩, રાજકોટ.

**(૯) ઈલ્યાસ હારૂનભાઈ ડાકોરા,**
ઉ.વ. આ.૨૩, વ્યવસાય : છાછ વેચવાનો,
રહે.જંગલેશ્વર શેરી નં.૨૫, ઝમઝમ ચોક,
૭૮૬ મકાન, રાજકોટ.

**(૧૦) મનસુખભાઈ રણછોડભાઈ કુકડીયા, (એબેટ)**
ઉ.વ. આ.૪૭, વ્યવસાય : કડીયાકામ,
રહે.કોઠારીયા મેઈન રોડ,
સાત હનુમાનની કુટપાળી ઉપર, રાજકોટ.

**(૧૧) આશીફ ઉર્ફે જલેબી હારૂનભાઈ કુરેશી,**
ઉ.વ. આ.૨૮, વ્યવસાય : મજુરીકામ,
રહે.જંગલેશ્વર શેરી નં.૨૭, રાજકોટ.

**(૧૨) વિપુલ ઉર્ફે ચોટી નરસીભાઈ વડદોરીયા,**
ઉ.વ. આ.૨૪, વ્યવસાય : મજુરીકામ,
રહે.રણુજા, ભોમેશ્વર સોસાયટી શેરી નં.૧,
કોઠારીયા મેઈન રોડ, કનૈયાચોક, રાજકોટ.

**બાબત:** **<u>ભારતીય દંડ સંહિતાની કલમ—૩૦૭, ૩૨૬, ૩૨૫, ૩૨૪,૩૨૩,૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,૫૦૪,૫૦૬, ૪૨૭ તથા જી.પી.એકટની કલમ—૧૩૫(૧) મુજબ.</u>**

**<u>વકિલશ્રીઓ::</u>**
ફરિયાદપક્ષ તરફે વિદ્ધાન એપીપીશ્રી પી.કે.પટેલ.
<u>બચાવપક્ષ તરફે વિદ્ધાન વકિલ શ્રી આર.એમ.પટગીર.</u>

## <u>ફોર્મ–બી</u>

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૧૨/૧૦/૨૦૧૯ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૧૨/૧૦/૨૦૧૯ |
| ચાર્જશીટની તારીખ | ૦૭/૧૦/૨૦૨૦ |
| ચાર્જ ફરમાવ્યાની તારીખ | ૧૯/૦૪/૨૦૨૨ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૦/૦૩/૨૦૨૨ |
| ચુકાદો અનામત રાખ્યાની તારીખ | ૦૨/૦૪/૨૦૨૬ |
| ચુકાદો આપ્યા તારીખ | ૧૬/૦૪/૨૦૨૬ |
| સજાનો હુકમ સાંભળ્યાની તારીખ, જો હોય તો | –– |

## <u>આરોપીની વિગત</u>

| આરોપીનો ક્રમ | આરોપીનુ નામ | અટક કર્યાની તારીખ | જામીન પર છુટયાની તારીખ | ગુનાની વિગત | શું આરોપી નિર્દોષ કે સજા થયેલ તેની વિગત | સજાની વિગત | ટ્રાયલ દરમ્યાન કાચા કામે ભોગવેલ સજાનો સમયગાળો (Cr.P.C. Se.૪૨૮ મુજબ) |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | મોઈન મહેબુબભાઇ અજમેરી | ૧૩/૧૦/૨૦૧૯ | | ઇ.પી.કો.કલમ ૩૦૭, ૩૨૬,૩૨૫, ૩૨૪,૩૨૩, ૧૪૩,૧૪૭, ૧૪૮,૧૪૯, ૫૦૪,૫૦૬, ૪૨૭ તથા જી.પી.એકટની કલમ– ૧૩૫(૧) મુજબ . | નિર્દોષ | – | |
| ૨. | એઝાજ અનવરભાઇ અજમેરી | ૧૩/૧૦/૨૦૧૯ | | ઇ.પી.કો.કલમ ૩૦૭, ૩૨૬,૩૨૫, ૩૨૪,૩૨૩, ૧૪૩,૧૪૭, ૧૪૮,૧૪૯, ૫૦૪,૫૦૬, ૪૨૭ તથા જી.પી.એકટની કલમ– ૧૩૫(૧) મુજબ . | નિર્દોષ | – | |
| ૩. | અજર્સિંહ પ્રવિણસિંહ જાડેજા | ૦૩/૧૧/૨૦૧૯ | | ઇ.પી.કો.કલમ ૩૦૭, ૩૨૬,૩૨૫, ૩૨૪,૩૨૩, | નિર્દોષ | – | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | ૧૪૩,૧૪૭, ૧૪૮,૧૪૯, ૫૦૪,૫૦૬, ૪૨૭ તથા જી.પી.એકટની કલમ– ૧૩૫(૧) મુજબ . | | | |
| ૪. | સોહીલ ઉર્ફે નાનો સોહીલો અબ્દુલભાઇ હિંગોરા | ૦૩/૧૧/૨૦૧૯ | | ઇ.પી.કો.કલમ ૩૦૭, ૩૨૬,૩૨૫, ૩૨૪,૩૨૩, ૧૪૩,૧૪૭, ૧૪૮,૧૪૯, ૫૦૪,૫૦૬, ૪૨૭ તથા જી.પી.એકટની કલમ– ૧૩૫(૧) મુજબ . | નિર્દોષ | – | |
| ૫. | સોહીલ ઉર્ફે મોટો સોહીલો અબ્દુલભાઇ હિંગોરા | ૦૩/૧૧/૨૦૧૯ | | ઇ.પી.કો.કલમ ૩૦૭, ૩૨૬,૩૨૫, ૩૨૪,૩૨૩, ૧૪૩,૧૪૭, ૧૪૮,૧૪૯, ૫૦૪,૫૦૬, ૪૨૭ તથા જી.પી.એકટની કલમ– ૧૩૫(૧) મુજબ . | નિર્દોષ | – | |
| ૬. | ઝરીનાબેન અજીતભાઇ અબ્દુલભાઇ હિંગોરા | ૦૩/૧૧/૨૦૧૯ | | ઇ.પી.કો.કલમ ૩૦૭, ૩૨૬,૩૨૫, ૩૨૪,૩૨૩, ૧૪૩,૧૪૭, ૧૪૮,૧૪૯, ૫૦૪,૫૦૬, ૪૨૭ તથા જી.પી.એકટની કલમ– ૧૩૫(૧) મુજબ . | નિર્દોષ | – | |
| ૭. | અનવર ઉર્ફે અનું હબીબભાઇ અજમેરી | ૧૧/૧૧/૨૦૧૯ | | ઇ.પી.કો.કલમ ૩૦૭, ૩૨૬,૩૨૫, ૩૨૪,૩૨૩, ૧૪૩,૧૪૭, ૧૪૮,૧૪૯, ૫૦૪,૫૦૬, ૪૨૭ તથા જી.પી.એકટની કલમ– ૧૩૫(૧) મુજબ . | નિર્દોષ | – | |
| ૮. | અજીત અબ્દુલભાઇ હિંગોરા | ૧૫/૧૧/૨૦૧૯ | | ઇ.પી.કો.કલમ ૩૦૭, ૩૨૬,૩૨૫, | નિર્દોષ | – | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | ૩૨૪,૩૨૩, ૧૪૩,૧૪૭, ૧૪૮,૧૪૯, ૫૦૪,૫૦૬, ૪૨૭ તથા જી.પી.એકટની કલમ– ૧૩૫(૧) મુજબ . | | | |
| ૯. | ઇલ્યાસ હારૂનભાઇ ડાકોરા | ૨૩/૧૧/૨૦૧૯ | | ઇ.પી.કો.કલમ ૩૦૭, ૩૨૬,૩૨૫, ૩૨૪,૩૨૩, ૧૪૩,૧૪૭, ૧૪૮,૧૪૯, ૫૦૪,૫૦૬, ૪૨૭ તથા જી.પી.એકટની કલમ– ૧૩૫(૧) મુજબ . | નિર્દોષ | – | |
| ૧૦. | મનસુખભાઇ રણછોડ ભાઇ કુકડીયા, (એબેટ) | ૩૦/૧૧/૨૦૧૯ | | ઇ.પી.કો.કલમ ૩૦૭, ૩૨૬,૩૨૫, ૩૨૪,૩૨૩, ૧૪૩,૧૪૭, ૧૪૮,૧૪૯, ૫૦૪,૫૦૬, ૪૨૭ તથા જી.પી.એકટની કલમ– ૧૩૫(૧) મુજબ . | નિર્દોષ | – | |
| ૧૧. | આશીફ ઉર્ફે જલેબી હારૂનભાઇ કુરેશી | ૦૮/૦૧/૨૦૨૦ | | ઇ.પી.કો.કલમ ૩૦૭, ૩૨૬,૩૨૫, ૩૨૪,૩૨૩, ૧૪૩,૧૪૭, ૧૪૮,૧૪૯, ૫૦૪,૫૦૬, ૪૨૭ તથા જી.પી.એકટની કલમ– ૧૩૫(૧) મુજબ . | નિર્દોષ | – | |
| ૧૨. | વિપુલ ઉર્ફે ચોટી નરસીભાઇ વડદોરીયા | ૦૯/૦૧/૨૦૨૦ | | ઇ.પી.કો.કલમ ૩૦૭, ૩૨૬,૩૨૫, ૩૨૪,૩૨૩, ૧૪૩,૧૪૭, ૧૪૮,૧૪૯, ૫૦૪,૫૦૬, ૪૨૭ તથા જી.પી.એકટની કલમ– ૧૩૫(૧) મુજબ . | નિર્દોષ | – | |

## -// <u>ચુ કા દો</u> //-

૧. આ કામે ફરીયાદપક્ષના કેસની વિગત એવી છે કે, તા.૧૨/૧૦/૨૦૧૯ ના રોજ કલાક : ૧૮/૩૦ વાગ્યાના અરસામા આ કામના ફરચીાદીના દિકરા લાલજી સાથે આરોપી મોઈનને મોટર સાઈકલ અથડાવવા બાબતે ઝઘડો થયેલ હતો તે ઝઘડાનો ખાર રાખી આ કામના આરોપીઓએ એકસંપ થઇ ગેરકાયદેસર મંડળી રચી પ્રાણઘાતક હથીયારો ધારણ કરી પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા ફરીયાદીના ઘર પાસે જઈ ફરીયાદી તથા સાહેદો ઉપર હુમલો કરી સાહેદ સતેન્દ્ર ઉર્ફે બાબુ ભૈયાને આરોપી આસીફ ઉર્ફે ગંધારાએ માથામા તલવારથી માર મારી ગંભીર ઈજા કરેલ તેમજ આરોપી સોહીલ ઉર્ફે નાનો સોહીલાએ સાહેદ સતેન્દ્ર ઉર્ફે બાબુને છરીથી વાસાના ભાગે ત્રણ-ચાર ઘા મારી અને ફરીયાદીને જમણા હાથની પહેલી આંગળી તથા અંગુઠા વચ્ચે છરીનો ઘા મારી ઈજા કરેલ તેમજ સાહેદ અફઝલભાઈને જમણા હાથની કોણી નીચે છરીનો ઘા મારી ઈજા કરેલ તથા આરોપી સોહીલ ઉર્ફે મોટા સોહીલાએ સાહેદ સતેન્દ્ર ઉર્ફે બાબુને જમણા કાન ઉપર છરી મારી કાન કાપી તેમજ આરોપી અજય જાડેજાએ સાહેદ સતેન્દ્ર ઉર્ફે બાબુને લાંકડાના ધોકાથી આડેધડ માર મારેલ અને ફરીયાદીને જમણા હાથના અંગુઠા પાસે લાંકડાના ધોકાથી માર મારી ઈજા કરેલ તેમજ સાહેદ અફઝલભાઈને જમણા પગમા તથા હાથમા તેમજ સાહેદ લાલજી ઉર્ફે લાલાને જમણા પગમા લોખંડના પાઈપથી માર મારી ઈજા કરેલ તેમજ આરોપી મોઈન તથા ઝરીનાબેન અને અનવરભાઈએ લાંકડાના ધોકાથી સાહેદ સતેન્દ્ર ઉર્ફે બાબુને માર મારેલ અને આરોપી અજીત હિંગોરાએ પોતાની પાસે રહેલ કુહાડીથી સાહેદ સતેન્દ્ર ઉર્ફે બાબુને બે-ત્રણ ઘા મારી ગંભીર ઈજા કરેલ તથા અન્ય આરોપીઓ આશીફ ઝલેબી, મનસુખ કડીયો, વિપુલ ચોટી, ઈલીયાસ ડાકોરાએ ઢીકાપાટુનો માર મારેલ અને આરોપી રાજુ સુમરો,

નિલોલફર ઉર્ફે નિલુડીએ ગેરકાયદેસર મંડળી બનાવવામાં સક્રિય ભાગ ભજવી આરોપી રોશનબેને પથ્થરો અને ઇંટોના છુટા ઘા કરી અને આમ આરોપીઓએ પોત–પોતાની પાસે રહેલ હથીયારથી ફરીયાદી તથા સાહેદોને શરીરે માર મારી ગંભીર ઇજાઓ કરી તેમજ સાહેદ સતેન્દ્ર ઉર્ફે બાબુ ભૈયાનુ મોત નિપજાવવાની કોશીષ કરી ફરીયાદી તથા સાહેદના મોટર સાઇકલોમાં તોડફોડ કરી રૂા.૫૦,૦૦૦/– જેટલુ નુકશાન કરી, મહે.પોલીસ કમીશ્નર સાહેબશ્રી, રાજકોટના હથીયારબંધીના જાહેરનામાંનો ભંગ કરી ગુનો કરેલ હોવાની ફરીયાદ તા.૧૨/૧૦/૨૦૧૯ ના રોજ નોંધાવેલ હતી.

૨. ફરીયાદ આધારે તપાસ કરનાર અધિકારીશ્રીએ તપાસ શરૂ કરેલી, તે દરમ્યાન જરૂરી પંચનામાંઓ કરી સાહેદોના નિવેદનો નોંધવામાં આવેલ. ત્યારબાદ તપાસ દરમ્યાન આરોપીઓની અટક કરવામા આવેલ તેમજ સમગ્ર તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭, ૩૨૬, ૩૨૫, ૩૨૪,૩૨૩,૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,૫૦૪,૫૦૬, ૪૨૭ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબના ગુન્હાનુ અદાલત સમક્ષ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ. જે ઉપરોકત સેશન્સ કેસ નંબરથી નોંધાયેલ હતુ.

3. સેશન્સ કેસ નં.૮૫/૨૦૨૧ ના કામે આરોપી આશીફ ઉર્ફે ગંધારો સુલેમાનભાઇ સમા વિરૂધ્ધના કેસના પોલીસ પેપર્સની નકલો વિનામુલ્યે આપવામાં આવેલી છે અને આરોપીએ તેના સ્વખર્ચે બચાવમા વકીલ રોકેલા છે. આરોપી આશીફ ઉર્ફે ગંધારો સુલેમાનભાઇ સમા વિરૂધ્ધ અત્રેની અદાલત ધ્વારા તા.૦૩/૦૩/૨૦૨૨ ના રોજ આંક–૦૭ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭, ૩૨૬, ૩૨૫, ૩૨૪, ૩૨૩, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬, ૪૨૭ તથા જી.પી.એકટની કલમ–

૧૩૫(૧) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાનુ તહોમતનામું ફરમાવી, તહોમતનામું આરોપી વાંચી સંભળાવતા આરોપી આંક-૦૮ થી જવાબ નોંધવામાં આવેલ. જેમા આરોપી એ ગુનાનો ઈન્કાર કરેલ અને કેસ આગળ ચલાવવાનુ જણાવતા ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ તેમજ આ અદાલતમાં કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

તેમજ સેશન્સ કેસ નં.૪૧/૨૦૨૨ અને સેશન્સ કેસ નં.૫૦/૨૦૨૨ ના કામના આરોપીઓને તેની વિરૂધ્ધના કેસના પોલીસ પેપર્સની નકલો વિનામુલ્યે આપવામાં આવેલી છે. આરોપીઓએ તેના સ્વખર્ચે બચાવમાં વકીલ રોકેલા છે. આરોપીઓ વિરૂધ્ધ અત્રેની અદાલત ધ્વારા તારીખ : ૧૯/૦૪/૨૦૨૨ ના રોજ આંક-૧૭ થી ભારતીય દંડ સંહિતાની કલમ-૩૩૦૭, ૩૨૬, ૩૨૫, ૩૨૪, ૩૨૩, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬, ૪૨૭ તથા જી.પી.એકટની કલમ-૧૩૫(૧) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાનુ તહોમતનામું ફરમાવી, તહોમતનામું આરોપીઓને વાંચી સંભળાવતા આરોપીઓનો આંક-૧૮ થી આંક-૩૨ સુધી જવાબ નોંધવામાં આવેલ. જેમા આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરેલ અને કેસ આગળ ચલાવવાનુ જણાવતા ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ તેમજ આ અદાલતમાં કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

૪. ફરીયાદપક્ષ તર્ફે કેસની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન પોતાના કેસના સમર્થનમા નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

(એ) **<u>મૌખિક પુરાવો.</u>**

| ક્રમ | સાહેદની વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | ફરીયાદી જેસીંગભાઇ રઘુભાઇ સેટાણીયા | ૦૯ |
| ૦૨ | ડોકટર સાહેદ જયંત કાર્તીકચંદ્ર ભટ્ટાચાર્ય | ૪૮ |
| ૦૩ | ડોકટર સાહેદ વિવેકભાઇ બીપીનભાઇ ખખ્ખર | ૫૫ |

| | | |
|---|---|---|
| ૦૪ | પંચસાહેદ ચીન્ટુગીરી ભીમગીરી ગોસ્વામી | ૭૧ |
| ૦૫ | પંચસાહેદ મનીષ કિશોરભાઇ ભાયાણી | ૭૪ |
| ૦૬ | પંચસાહેદ ધર્મેશભાઇ ભુપતભાઇ પરમાર | ૭૫ |
| ૦૭ | ઈજા પામનાર સાહેદ સત્યેન્દ્ર ઉર્ફે બાબુભાઇ રમેશચંદ્ર શાહુ | ૯૩ |
| ૦૮ | ઈજા પામનાર સાહેદ અફઝલ મહમદભાઇ બેલીમ | ૧૦૪ |
| ૦૯ | ઈજા પામનાર સાહેદ લાલજીભાઇ જેસીંગભાઇ સેટાણીયા | ૧૦૬ |
| ૧૦ | ડોકટર સાહેદ એચ.એસ.તલવેલકર | ૧૧૬ |
| ૧૧ | પંચસાહેદ કેતનભાઇ મનોજભાઇ પરમાર | ૧૨૩ |
| ૧૨ | પોલીસ સાહેદ અસ્મીતા વાલાભાઇ પીપરોતર | ૧૪૪ |
| ૧૩ | તપાસ કરનાર અધિકારી વિરલદાન ખંગારદાન ગઢવી | ૧૪૯ |

## (બી) <u>**દસ્તાવેજી પુરાવો.**</u>

| **ક્રમ** | **દસ્તાવેજનું વર્ણન અને વિગત** | **આંક** |
|---|---|---|
| ૦૧ | ફરિયાદ. | ૩૪ |
| ૦૨ | બાબુભાઇનુ મેડીકલ સર્ટીફીકેટ | ૪૯ |
| ૦૩ | બાબુભાઇનુ મેડીકલ સર્ટીફીકેટ | ૫૬ |
| ૦૪ | દર્દી હોસ્પીટલમા દાખલ થાય ત્યારે ભરેલ હિસ્ટ્રી અને એકઝામીનેશ ફોર્મ | ૫૭ |
| ૦૫ | ગુનાવાળી જગ્યાનુ પંચનામું | ૭૨ |
| ૦૬ | ઈજા પામનારનુ શરીર સ્થીતીનુ પંચનામું | ૭૬ |
| ૦૭ | જેસીંગભાઇનુ મેડીકલ સર્ટીફીકેટ | ૧૧૭ |
| ૦૮ | અફઝલભાઇ બેલીમનુ મેડીકલ સર્ટીફીકેટ | ૧૧૮ |
| ૦૯ | ડી.વી.ડી.કબજે કર્યા અંગેનુ પંચનામું | ૧૨૪ |
| ૧૦ | ગુનો રજીસ્ટર કરવા અંગેનો પત્ર | ૧૪૫ |
| ૧૧ | આરોપીની શરીર સ્થીતીનુ અટક પંચનામું | ૧૫૦ |
| ૧૨ | આરોપીની શરીર સ્થીતીનુ અટક પંચનામું | ૧૫૧ |
| ૧૩ | આરોપીની શરીર સ્થીતીનુ અટક પંચનામું | ૧૫૨ |
| ૧૪ | આરોપીની શરીર સ્થીતીનુ અટક પંચનામું | ૧૫૩ |
| ૧૫ | આરોપીની શરીર સ્થીતીનુ અટક પંચનામું | ૧૫૪ |
| ૧૬ | આરોપીની શરીર સ્થીતીનુ અટક પંચનામું | ૧૫૫ |

| | | |
|---|---|---|
| ૧૭ | આરોપીની શરીર સ્થીતીનુ અટક પંચનામું | ૧૫૬ |
| ૧૮ | ગુનાવાળી જગ્યાનો નકશો બનાવ આપવા સર્કલ ઓફીસર રાજકોટને લખેલ પત્ર | ૧૫૭ |
| ૧૯ | મુદામાલ મોકલ્યાની એફ.એસ.એલ.ની પહોંચ | ૧૫૮ |
| ૨૦ | મુદામાલ મળ્યા અંગેની પહોંચ | ૧૫૯ |
| ૨૧ | ઈજા પામનારના મેડીકલ સર્ટીફીકેટો | ૧૬૦ થી ૧૬૨ |
| ૨૨ | મુદામાલ મોકલ્યાની એફ.એસ.એલ.ની પહોંચ | ૧૬૩ |
| ૨૩ | મુદામાલ પરીક્ષણ અહેવાલ | ૧૬૪ |
| ૨૪ | મુદામાલ રવાનગી પત્રક | ૧૬૫ |
| ૨૫ | સત્તા અંગેનુ પ્રમાણપત્ર | ૧૬૬ |
| ૨૬ | આરોપીઓના ફોટોગ્રાફ્સ મેચ કરવા એફ.એસ.એલ.ને લખેલ પત્ર | ૧૬૭ |
| ૨૭ | મુદામાલ પરીક્ષણ અહેવાલ | ૧૬૮ |
| ૨૮ | મુદામાલ પહોંચ | ૧૬૯ |
| ૨૯ | મુદામાલ પરીક્ષણ અહેવાલ | ૧૭૦ |
| ૩૦ | મુદામાલ રવાનગી પત્રક અને સત્તા અંગેનુ પ્રમાણપત્ર | ૧૭૧ |
| ૩૧ | હથીયારબંધીનુ જાહેરનામું | ૧૭૨ |
| ૩૨ | મોબાઇલ ઇન્વેસ્ટીગેશન એફ.એસ.એલ.નો રીપોર્ટ | ૧૭૩ |
| ૩૩ | ભારે ગુના અંગેનો રીપોર્ટ | ૧૭૪ |
| ૩૪ | કબજે કરેલ સીસીટીવી ફુટેજની ડીવીડીમાંથી આરોપીઓના લેવામા આવેલ ફોટા | ૧૭૫ |

**૫.** આ કામે વિ.એ.પી.પી.શ્રીએ આંક–૧૭૬ થી કલોઝીંગ પુરસીસ આપ્યા બાદ આરોપીઓનુ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમા આરોપીઓએ ફરીયાદપક્ષના પુરાવાને નકારી કાઢેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે, તેઓ સામે કોઈ પુરાવો ન હોવા છતા ખોટુ ચાર્જશીટ કરેલ છે, તેઓ સામે ખોટી ફરીયાદના આધારે ખોટા પુરાવાઓ ઉભા કરીને ખોટા પંચનામાંઓ તથા નિવેદનો લઇને

ખોટી કાર્યવાહીના આધારે ખોટો કેસ ઉભો કરેલ હોય, જેથી તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા માટે હુકમ કરવા અરજ કરેલ છે.

૬. ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી રજૂઆત કરતાં જણાવે છે કે, આ કામે ફરિયાદ પક્ષ તરફે જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે જોતાં આ કામના આરોપીઓએ એક સંપ થઇ ગેરકાયદેસર મંડળી રચી પ્રાણઘાતક હથીયારો ધારણ કરી સમાન ઈરાદો પાર પાડવા ફરીયાદીના ઘર પાસે જઈ ફરીયાદી તથા સાહેદો ઉપર હુમલો કરી ગંભીર પ્રકારની ઈજાઓ કરી જીવલેણ હુમલો કરી ગંભીર ગુનો ચરેલ છે અને આ કામે તપાસ કરનાર અમલદાર તથા અન્ય સાહેદોના પુરાવાથી ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન મળતું હોઈ, આરોપીઓ વિરૂધ્ધ ગુનો સાબીત થતો હોઈ આરોપીઓને સખત સજા કરવા અરજ ગુજારેલ છે.

૭. જયારે બચાવપક્ષ તરફે વિ.વ.શ્રી ધ્વારા પોતાની દલીલોમાં જણાવે છે કે, હાલના કેસમાં ફરીયાદપક્ષે આરોપીઓ વિરૂધ્ધ કરેલા આક્ષેપો તેમજ તહોમતનામાં મુજબનો કોઈ ગુનો ફરીયાદપક્ષ સાબીત કરી શકેલ નથી. આ કામે ઈજા પામનાર ફરીયાદી અને અન્ય ઈજા પામનાર સાહેદોએ ફરીયાદપક્ષની હકીકતને સમર્થન કરેલ નથી અને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. આમ, મુખ્ય ઈજા પામનાર સાહેદ ફરીયાદી તથા અન્ય ઈજા પામનાર સાહેદોએ ફરીયાદ હકીકતને સમર્થન કરેલ ન હોય અને ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. આ તમામ સંજોગો, કારણો ધ્યાને લઈ ફરિયાદપક્ષે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોય, આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

૮. આ કામે ફરીયાદપક્ષ તરફે વિધ્વાન સરકારી વકીલશ્રી તથા આરોપી તરફે વિધ્વાન વકીલશ્રીની દલીલો સાંભળવામાં આવેલ

છે. ઉપરોકત કારણો અને હકીકતો તથા બંને પક્ષકારોની રજુઆતો તેમજ સમગ્ર પુરાવાઓ ધ્યાનમાં લેતા હાલના કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થીત થયેલ છે.

**-// મુ દ્દા ઓ //-**

**૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ એક સંપ થઈ ગેરકાયદેસર મંડળી રચી પ્રાણઘાતક હથીયારો ધારણ કરી સમાન ઈરાદો પાર પાડવા ફરીયાદીના ઘર પાસે જઈ ફરીયાદી તથા સાહેદો ઉપર હુમલો કરી ઈજા પહોંચાડી અને સાહેદ સત્યેન્દ્ર ઉર્ફે બાબુનુ મોત નિપજાવવાની કોશીષ કરી ગંભીર પ્રકારની ઈજાઓ કરી અને ફરીયાદી તથા સાહેદના મોટર સાઈકલોમા તોડફોડ કરી નુકશાન કરી મહે.પોલીસ કમીશ્નરશ્રીના, હથીયારબંધીના જાહેરનામાંનો ભંગ કરી આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૭,૩૨૬, ૩૨૫,૩૨૪,૩૨૩,૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,૫૦૪,૫૦૬,૪૨૭ તથા જી.પી.એકટની કલમ-૧૩૫(૧)મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?**

**૨. શું હુકમ ?**

૯. ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો તેના કારણો સહિત નીચે મુજબ છે.

**૧) નકારાત્મક,**

**૨) આખરી હુકમ મુજબ.**

-// <u>**કા ર ણો**</u> //-

<u>**પુરાવાનું મુલ્યાંકન**</u>:-

**૧૦.** આ કામે સૌપ્રથમ ફરીયાદીની ફરીયાદ હકીકત વંચાણે લેતા, તા.૧૨/૧૦/૨૦૧૯ ના રોજ સાંજના છ-સવા છ વાગ્યાના અરસામાં મારો દિકરો લાલજી અમારા ઘરેથી તેનુ મોટર સાઈકલ લઈને દુધની કોથળી લેવા જંગલેશ્વર મેઈન રોડ ઉપર જવા નિકળેલ હતો અને અમારી શેરીમાંથી બહાર નિકળતા જ અમારી શેરીમા રહેતા ઝરીનાબેનને ત્યાં રહેતો અને કામ કરતો મોઈન મોટર સાઈકલ લઈને આવી મારા દિકરા લાલજી સાથે મોટર સાઈલક ભટકાડેલ અને મોઈને મારા દિકરાને જેમ ફાવે તેમ ગાળો આપી

ઝઘડો કરેલ હતો અને ત્યારબાદ હુ ત્યાં પહોંચી ગયેલ અને મારા દિકરા લાલજીને બચાવીને ઘરે લઈ આવેલ હતો. આ મોઈને ત્યાં અમને જોઈ લેવાની ધમકી આપેલ હતી. ત્યારબાદ થોડીવાર બાદ સાંજના સાડા છએક વાગ્યાના અરસામા હુ તથા મારા પરીવારના સભ્યો ઘરે હાજર હતા ત્યારે અમારા જંગલેશ્વર વિસ્તારમાં જ રહેતા અને અમારા માલની રીક્ષામા ફેરા કરતા અફઝલભાઈ મહમદભાઈ બેલીમ અમારા ઘરે રીક્ષાનુ ભાડે લેવા માટે આવેલ હતા અને આ દરમ્યાન જ અમારા ઘરેથી જોબવર્ક માટે એલ્યુમીનીયમનો માલ બફકામ માટે લઈ જતો સતેન્દ્ર ઉર્ફે બાબુ રામચંદ્ર ભૈયો માલ લેવા માટે આવેલ હતો. હુ અને બાબુ ભૈયો તથા અફઝલ તથા અમારા પરીવારના સભ્યો અમારા ઘરની બહાર ઉભા ઉભા ધંધાની વાતો કરતા હતા તે દરમ્યાન અમારી શેરીમા રહેતા ઝરીનાબેન તથા તેના બંને દિકરાઓ નતાનો સોહીલો તથા મોટો સોહીલો તથા આશીફ ગંધારો તથા મોઈન તથા એઝાઝ તથા કુસુમબાનો દિકરો અજય જાડેજા એમ બધા હાથમા તલવાર, છરી, કુહાડી, લાંકડાના ધોકા, લોખંડના પાઈપ જેવા હથીયારો લઈ દોડીને આવી અમે કાઈ બોલીએ તે પહેલા અમારી ઉપર હુમલો કરી દિધેલ જેમા જંગલેશ્વરમાં રહેતો આશીફ ગંધારો જે માથાભારે છે તેના હાથમા તલવાર હતી તે તલવારથી સતેન્દ્ર ઉર્ફે બાબુ ભૈયાના માથામા જમણી બાજુ જોરથી બેથી ત્રણ ઘા મારી દિધેલ અને નાના સોહીલાના હાથમા છરી હતી તે છરીથી સતેન્દ્ર ભૈયાના વાસાના ભાગે ત્રણ-ચાર ઘા જોરથી મારી દિધેલ અને ફરીયાદીને પણ જમણા હાથના પહેલી આંગળી તથા અંગુઠાના વચ્ચેના ભાગે જોરથી છરીનો ઘા મારી દિધેલ તથા અજય જાડેજાના હાથમા લાંકડાનો ધોકો હતો તે ધોકાથી જમણા હાથના અંગુઠા પાસે મારી દિધેલ અને આ બધા મળી અમને જેમફાવે તેમ માર મારવા લાગતા રાડારાડી દેકારો મચી ગયેલ હતો અને નાનો સોહીલાએ તેની પાસેથી છરીથી અમારા ઘરે આવેલ અફઝલભાઈને જમણા હાથમા કોણીથી નીચેના ભાગે છરી મારી દિધેલ અને એઝાઝ પાસે

લોખંડનો પાઇપ હતો તેનાથી અફઝલભાઇને જમણા પગમા તથા જમણા હાથમા માર મારી દિધેલ તેમજ મોટા સોહીલા પાસે હાથમા છરી હતી તે છરીથી સતેન્દ્ર ઉર્ફે બાબુના જમણા કાનમા મારતા કાન તુટી ગયેલ તેમજ મારા દિકરા લાલજીને આ લોકો ઢસડીને અને એઝાઝને લોખંડના પાઇપથી જમણા પગમા માર મારેલ અને સતેન્દ્ર ઉર્ફે ભેયો અમારા ઘરે પાસે પડી જતા ઝરીનાબેન લાંકડાના ધોકાથી, એઝાઝે લોખંડના પાઇપથી તથા અજય જાડેજાએ લાંકડાના ધોકાથી તથા મોઇન પાસે લાંકડાનો ધોકો હતો એમ ચારેયે મળી સતેન્દ્ર ઉપર તુટી પડેલ અને તેને જમણા પગમા, ડાબા હાથમા તેમજ શરીરે બેફામ માર મારવા લાગેલ અને ફરીયાદીના બે એકટીવા મોટર સાઇકલ તથા સાહેદ અફઝલના સ્પ્લેન્ડર મોટર સાઇકલમા પાઇપ, લાંકડાના ધોકાઓ મારી વાહનોમા તોડફોડ કરી તોડી નાખેલ અને રૂ.૫૦,૦૦૦/– જેટલુ નુકશાન કરેલ હતુ. સતેન્દ્ર ઉર્ફે ભેયો અમારા ઘર સામે પડી ગયેલ હતો તેને માથામાંથી, કાનમાંથી ખુબજ લોહી નિકળવા લાગેલ અને તે બેભાન જેવો થઇ ગયેલ હતો અને મને, મારા દિકરા લાલજીને તથા અફઝલભાઇને તથા સતેન્દ્ર ઉર્ફે ભૈયાને આરોપીઓએ મળીને ખુબજ માર મારેલ હોય જેથી હુ, મારો દિકરો લાલજી, અફઝલભાઇ મળી સતેન્દ્ર ઉર્ફે બાબુ ભૈયાને રીક્ષામાં નાખી સારવાર માટે સીવીલ હોસ્પીટલે આવેલ અને સતેન્દ્ર ઉર્ફે બાબુ ભૈયાને શરીરે ઘણી જગ્યાએ માર મારેલ હોય ડોકટર સાહેબે સતેન્દ્ર સીરીયસ છે તેવુ જણાવેલ હતુ અને તે બેભાન થઇ ગયેલ હતો અને ફરીયાદીને તથા અફઝલભાઇને પણ સારવાર માટે મોકલેલ.

આ બનાવનુ કારણ એવુ છે કે, મારા દિકરા લાલજીનુ મોટર સાઇકલ ઝરીનાબેનને ત્યાં કામ કરતો મોઇન સાથે અથડાયેલ હતુ જે બાબતે મારા દિકરા સાથે ઝઘડો કરેલ હતો અને જેનો ખાર રાખી સાંજના સાડા છએક વાગ્યાના અરસામાં જંગલેશ્વરમા જ રહેતા આશીફ ગંધારો, ઝરીનાબેન અને તેના બંને દિકરાઓ નાનો

સોહીલો અને મોટો સોહીલો, મોઇન, એઝાઝ, અજય જાડેજા એમ બધાએ તલવાર, છરી, લોખંડનો પાઇપ, લાંકડાના ધોકાઓ જેવા હથીયારો લઈ એકી સાથે ફરીયાદીના ઘરે આવી અચાનક જીવલેણ હુમલો કરી ફરીયાદીને માર મારતા ગંભીર ઈજાઓ થયેલ અને સતેન્દ્ર ઉર્ફે બાબુ ભૈયાને માથામા તલવાર મારતા તેમજ કાન ઉપર છરી મારતા તેમજ વાસાના ભાગે છરીઓના ઘા મારતા તેમજ શરીરે ધોકા-પાઈપના ઘા મારતા મારી નાખવાની કોશીષ કરી ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૭, ૩૨૬, ૩૨૫, ૩૨૪, ૩૨૩, ૧૪૩, ૧૪૭, ૧૪૮,૧૪૯, ૫૦૪, ૫૦૬, ૪૨૭ તથા જી.પી.એકટની કલમ-૧૩૫(૧) મુજબનો ગુન્હો કરેલ હોય તેની સામે ધોરણસર થવા ફરીયાદ આપેલ છે.

**૧૦.૧.** સદરહુ ફરીયાદના કામે તપાસ કરનાર અમલદારે સ્થાનીક જગ્યાનુ પંચનામું કરેલ અને ત્યારબાદ આરોપીઓની અટક કરી ચાર્જશીટ દાખલ કરેલ છે અને આરોપીઓ વિરૂધ્ધ આંક-૦૭ અને આંક-૧૭ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે અને આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૭, ૩૨૬, ૩૨૫, ૩૨૪, ૩૨૩, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬, ૪૨૭ તથા જી.પી.એકટની કલમ-૧૩૫(૧) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાનો આક્ષેપ છે.

**૧૧.** ઉપરોકત તહોમતનામાંના અનુસંધાને ફરીયાદપક્ષે સાહેદ નં.૧ ફરીયાદી જેસીંગભાઇ રઘુભાઇ સેટાણીયાને આંક-૦૯ થી સોગંદ ઉપર તપાસેલ છે. જેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, મારે કોઈ સાથે માથાકુટ થયેલ હોય તેવુ બનેલ નથી. અમારા વિસ્તારમા અંદરો-અંદર તકરાર થયેલી હતી. તકરાર શુ બાબતની હતી તેની મને ખબર નથી. અંદરો-અંદર તકરાર થવાથી મને તથા મારા દિકરા લાલજી તથા સતેન્દ્ર અને અફઝલને ઈજાઓ થયેલી હતી. **આ ઈજાઓ કોણે કરેલી તેની મને ખબર નથી.** સાહેદ આરોપીઓને ઓળખી બતાવે છે. વધુમાં ફરીયાદી જણાવે છે કે,

**આરોપીઓ સાથે અમારે તકરાર થયેલ હોય કે આરોપીઓએ માર મારેલ હોય તેવુ બનેલ નથી અને મને મુદામાલ બતાવવામાં આવે તો હુ ઓળખી શકુ નહી.** મને આંક–૩૪ વાળી ફરીયાદ બતાવવામા આવે છે, જેમા મારી સહી છે, જે હુ ઓળખી બતાવુ છુ. સદરહુ સાહેદ ફરીયાદપક્ષની હકીકતોને લેશમાત્ર સમર્થન આપતા ન હોય તેઓને વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ***ફરી ગયેલા*** જાહેર કરવામા આવેલ છે અને તેઓની ઉલટતપાસ કરવાની પરવાનગી આપવામાં આવતા ઉલટતપાસમાં તેમણે ફરીયાદપક્ષના કેસની હકીકતોનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે.

**૧૧.૧.** ફરિયાદીએ તેમના કોર્ટ સમક્ષના સોગંદ ઉપરના પુરાવામાં ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, પોલીસે ફકત મારુ નામ–સરનામુ પુછેલુ હતુ તે સીવાય પોલીસે મને કાઈ પુછેલ નહી અને મે કોઈ પોલીસને લખાવેલ નથી. **એ વાત ખરી છે કે, મારી ફરીયાદ તથા વિશેષ નિવેદનમાં મે માત્ર સહી કરેલી હતી. એ વાત ખરી છે કે, શેરીમાં ધકકા–મુકકી થતા મને તથા મારા દિકરાને ઈજા થયેલી હતી.**

**૧૧.૨.** ઉપરોકત ફરીયાદીનો પુરાવો તથા ફરીયાદ હકીકતોનુ અવલોકન કરતા, ફરીયાદીએ તેમની સરતપાસમાં તેઓને કોઈ સાથે માથાકુટ થયેલ હોય તેવુ બનેલ નથી અને અંદરો અંદર તકરાર થવાથી ફરીયાદીને તથા તેમના દિકરા લાલજી અને સાહેદ સતેન્દ્ર અને અફઝલને ઈજાઓ થયેલ હતી અને આ ઈજાઓ કોણે કરેલી તેની તેમને ખબર નથી અને આરોપીઓએ સાથે અમારે તકરાર થયેલ હોય કે આરોપીઓએ માર મારેલ હોય તેવુ બનેલ નથી તેમ જણાવેલ છે. તેમજ ફરીયાદીએ ઉલટતપાસમાં પણ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, શેરીમા ધકકા–મુકકી થતા તેમને તથા તેમના દિકરાને ઈજા થયેલી હતી. આમ, ફરીયાદીએ ફરીયાદ હકીકતથી વિપરીત અને વિરોધાભાષી હકીકતો જણાવી છે. જે કેસની મુળ હકીકતો વાળા બનાવને ખંડન કરે છે. આ સંજોગોમાં ફરીયાદીનો પુરાવો વિશ્વાસપાત્ર, માનવાલાયક જણાતો નથી.

**૧૨.** ત્યારબાદ ફરીયાદપક્ષના સાહેદ નં.૬ ઈજા પામનાર–સતેન્દ્ર ઉર્ફે બાબુભાઈ રામચંદ્ર શાહુને આંક–૯૩ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે, હુ જેસીંગભાઈને ત્યાં કામ કરતો હોય તેથી તેમને ઓળખુ છુ. **આશરે ચારેક વર્ષ પહેલા હુ રસ્તા પર નિકળેલો ત્યારે ત્યાંથી પસાર થતા ઢોર દ્ધવારા મને ઢીક વાગતા હુ પડી ગયેલ અને મને માથામા વાગી ગયેલ અને વાંસાના ભાગે પણ ઈજા થયેલી. વધુમાં જણાવેલ છે કે, હુ બનાવ અંગે કાઈ જાણતો ન હોય કોઈ આરોપી કે કોઈ મુદામાલ ઓળખી શકુ નહી.** સદરહુ સાહેદ ફરીયાદપક્ષની હકીકતોને લેશમાત્ર સમર્થન આપતા ન હોય તેઓને વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ***ફરી ગયેલા*** જાહેર કરવામા આવેલ છે અને તેઓની ઉલટતપાસ કરવાની પરવાનગી આપવામાં આવતા ઉલટતપાસમાં તેમણે ફરીયાદપક્ષના કેસની હકીકતોનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે.

**૧૨.૧.** આ ઈજા પામનાર સાહેદની બચાવપક્ષના વિધ્વાન વકીલશ્રીએ ઉલટતપાસ કરેલ છે. જેમા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **એ વાત ખરી છે કે, બનાવ સમયે શેરીમા ઢોરો અને માણસોની દોડાદોડીમાં હુ પડી ગયેલો જેથી મને ઈજા થયેલી.** એ વાત ખરી છે કે, પડી જવાથી હુ બેભાન થઈ ગયેલો અને બેભાન હોય મને સારવાર માટે કોણ લઈ ગયેલ તેની ખબર નથી. એ વાત ખરી છે કે, પોલીસે મને કોઈ વિગતો પુછી હોય અને મે લખાવેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે, ડોકટર સાહેબને તથા મામલતદાર સાહેબને પણ શેરીમા દોડાદોડીમાં પડી જવાથી ઈજા થયેલાનુ લખાવેલ હતુ. એ વાત ખરી છે કે, હુ જયા પડી ગયેલો ત્યાં પતરાના ટુકડા, કચપી વિગેરે પડેલુ હતુ. **એ વાત ખરી છે કે, મારા ઉપર કોઈ આરોપીએ હથીયારો સાથે હુમલો કરેલ હોય તેવુ બનેલ નથી.**

**૧૨.૨.** ઉપરોકત સાહેદનો પુરાવો જોતા તેઓએ સરતપાસમાં જણાવેલ છે કે, હુ રસ્તા પર નિકળેલો ત્યારે ત્યાંથી પસાર થતા ઢોર દ્ધવારા મને

ઢીક વાગતા હુ પડી ગયેલ અને મને માથામા વાગી ગયેલ અને વાંસાના ભાગે પણ ઈજા થયેલી અને હુ બનાવ અંગે કાઈ જાણતો નથી અને આરોપીને ઓળખી શકુ નહી. તેમજ ઉલટતપાસમાં પણ શેરીમા ઢોરો અને માણસોની દોડાદોડીમા હુ પડી ગયેલો જેથી મને ઈજાઓ થયેલ અને મારા ઉપર કોઈ આરોપીએ હથીયારો સાથે હુમલો કરેલ હોય તેવુ બનેલ નથી તેમ જણાવેલ છે. આમ, સદરહુ ઈજા પામનાર સાહેદે ફરીયાદ પક્ષની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ ન હોય તેમના પુરાવાથી ફરીયાદપક્ષની હકીકત પુરવાર થતી નથી.

**૧૩.** ત્યારબાદ ફરીયાદપક્ષના સાહેદ નં.ર ડોકટર જયંત કાર્તીકચંદ્ર ભટ્ટાચાર્યને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૧૨/૧૨/૨૦૧૯ ના રોજ રાજકોટ સીવીલ હોસ્પીટલ ઈમરજન્સી વિભાગમાં મારી ફરજ પર હાજર હતા ત્યારે સાંજના કલાક:૭/૨૩ વાગ્યે બાબુભાઈ નામના દર્દીને તેના સગા કિશનભાઈ મારી પાસે સારવાર માટે લાવેલા હતા. દર્દીની તપાસ કરતા દર્દી ભાનમા હતા. તેમને ઈજા બાબતે પુછપરછ કરતા જણાવેલ કે, નાનુ અને મોટુ સાહીલ, અજીત, એજાજ, આસીફ ગંધારો અને અજય જાડેજા છરી તથા ધોકાથી સાંજના કલાક:૬/૦૦ વાગ્યે રાધાકૃષ્ણ સોસાયટી, શેરી નં.૧૨, વેલનાથ ચોક, રાજકોટમાં હુમલો કરેલો. જે હિસ્ટ્રી ઈજા પામનારે મારી રૂબરૂમા મને લખાવેલી હતી અને તેઓની તપાસ કરતા તેઓને ઈજા નં.(૧) ૪x૧ સેમી. મસલ્સ ડીપ સ્ટેબવુંડ ઈજા જોવા મળેલી. જે શરીરના પાછળના ભાગે ડી.એલ.સ્પાઈનલ રીઝનથી થોડુ ડાબી બાજુ ત્રાસુ રીતે હતો અને જેની બંને માર્જીન રેગ્યુલર તથા શાર્પ હતો. જેમાથી થોડુ લોહી નિકળતુ હતુ, ઈજા નં.(૨) માથાના મધ્યભાગે જમણા પેરાઈટલ ભાગ ઉપર ૭x૨ સેમી. માપનુ એક સી.એલ.ડબલ્યુ.જોવા મળેલુ હતુ, ઈજા નં.(૩) માથાની જમણી બાજુ પેરાઈ ટુ ટેમ્પોરા ભાગ ઉપર ૩x૨

સેમી.સાઈઝનુ એક સી.એલ.ડબલ્યુ તથા તેની આજુબાજુમા હેમાટોમા જોવા મળેલ હતુ, ઈજા નં.(૪) શરીરના પાછળના ભાગે જમણી બાજુના સ્કેપયુલર (પીઠની ઉપરના ભાગે) ૩ x ૧ સેમી.માપનો મસલ્સ ડીપ સ્ટેબ ઈજા જોવા મળેલી હતી, ઈજા નં.(૫) જમણા પગના સામેના ભાગે ૨ x ૧ સેમી.નો માપનો એક સી.એલ.ડબલ્યુ જોવા મળેલ હતુ અને સોજા પણ જોવા મળેલ હતા અને ઈજા નં.(૬) જમણા હાથે સોજો જોવા મળેલો તથા દુ:ખાવાની ફરીયાદ પણ હતી. આ દર્દીનો માથાનો સીટી સ્કેન કરવામા આવેલ હતો. જેમા મગજના ડાબી બાજુ ટેમ્પોપેરાઈટલ ભાગમા થોડો સાબ એરાકનોઈડ હેમરેજ જોવા મળેલ હતો તથા તેની ઉપર સોજો જોવા મળેલો હતો. ડાબા પેરાઈટલ હાંડકામા ફ્રેકચર જોવા મળેલ હતુ. આ દર્દીની ઈજાવાળા ભાગનો એક્ષ–રે લેવડાવવામાં આવેલ હતો જેમા જમણા પગમા જમણા ટીબીયા હાંડકામા અસ્થીભંગ જોવા મળેલો હતો. જમણા હાથની કોણીથી આગળના ભાગે (અલના ભાગે) અસ્થીભંગ જોવા મળેલ હતો. આ દર્દીને ઈમરજન્સી વોર્ડમાં સર્જીકલ વોર્ડ નં.૬ અને ૮ મા દાખલ કરવામા આવેલા હતા. મને માર્ક–૫/૧૬ વાળુ મેડીકલ સર્ટીફીકેટ બતાવવામાં આવે છે, જે સર્ટીફીકેટ મારા હસ્તાક્ષરમા છે, જેમા મારા હોદ્દાનો સીકકો તથા મારી સહી છે, જે હુ ઓળખુ છુ, જે આંક–૪૯ થી રજુ છે અને વધુમાં જણાવેલ છે કે, આ સર્ટીફીકેટમાં જે ઈજાઓ દર્શાવેલ છે તે છરી અને ધોકા જેવા હથીયારથી થઈ શકે તેવી ઈજાઓ છે.

**૧૩.૧.** આ ડોકટર સાહેદની બચાવપક્ષના વિધ્વાન વકીલશ્રીએ ઉલટતપાસ કરેલ છે. જેમા એ હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, સરકારી હોસ્પીટલમા એમ.એલ.સી.વિભાગ અલગ આવેલો છે. એ વાત ખરી નથી કે, ઈજા પામનાર વ્યકિતને હોસ્પીટલમાં દાખલ કરવામા આવેલ ત્યારે એમ.એલ.સી.વિભાગ સૌપ્રથમ કેસ કઢાવવામા આવે છે. સાહેદ જણાવે છે કે, ઈમરજન્સી વિભાગમા બાજુની કેસ બારીમાંથી કેસ કાઢવાનો હોય

છે. એ વાત ખરી છે કે, આરોપીઓના નામ તેમના પિતાશ્રી સહીતના નામો લખાવેલા નથી. એ વાત ખરી નથી કે, ઈજા પામનારે કહેવાતી કોઇ હિસ્ટ્રી લખાવેલી નથી. એ વાત ખરી છે કે, ઈજા પામનારને કિશોરભાઇ સારવાર માટે લાવેલા હતા. એ વાત ખરી નથી કે, ઈજા પામનાર સારવાર કરી ત્યારે ભાનમા હતા કે કેમ તે જણાવેલ નથી. એ વાત ખરી છે કે, એમ.એલ.સી.સર્ટીફીકેટમાં ઈજા પામનારને તપાસ્યા બાદ એમ.એલ.સી.સર્ટીફીકેટ કેટલા દિવસ પછી આપેલુ તે તારીખ લખેલી નથી. એ વાત ખરી છે કે, ઈજા નં.૧ થી ૩ ના ડાયરેકશન લખેલ નથી. એ વાત ખરી છે કે, આ ઈજાઓમાં ઈજાનો પ્રકાર અને તેની સાઇઝ લખેલી છે. એ વાત ખરી છે કે, ઈજા પામનારને થયેલી ઈજાઓ સાદી કે ગંભીર પ્રકારની હતી તે સર્ટીફીકેટમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે, સર્ટીફીકેટમાં જે ઈજાઓ દર્શાવેલી છે તેના આકારો દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે, ઈજા નં.૧ મા ત્રાસી ઈજા દર્શાવેલી છે બાકીની ઈજામા ઇંડા પ્રકારની, ગોળાકાર અને ભોંકાયેલી ઈજાઓ જણાવેલી નથી. એ વાત ખરી છે કે, સર્ટીફીકેટમાં ઈજાઓનો રંગ દર્શાવેલો નથી. એ વાત ખરી નથી કે, સર્ટીફીકેટમા હિસ્ટ્રીમા જણાવેલ હકીકતમા કયા સાધનથી ઈજાઓ થયેલી છે તે જણાવેલ નથી. એ વાત ખરી છે કે, મે ઈજા પામનારની ડી.ડી.લેવા મે કોઇ યાદી કરેલી નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, મારે ફકત પ્રાથમીક સારવાર કરવાની હોય છે. એ વાત ખરી છે કે, આંક–૪૯ ના સર્ટીફીકેટમા ઈજા પામનારને પોલીસ યાદી મુજબનુ નામ સતેન્દ્ર ઉર્ફે બાબુ રામચંદ્ર શાહ જણાવેલ છે. એ વાત ખરી છે કે, સત્યેન્દ્રવાળુ નામ મે લખેલ નથી. એ વાત ખરી છે કે, ઈજા પામનાર ડોકટરની સલાહ વિરૂધ્ધ હોસ્પીટલમાંથી ભાગી ગયેલા છે. એ વાત ખરી છે કે, ઈજા પામનાર મારી પાસે આવેલા ત્યારે તેણે પોતાનુ નામ બાબુભાઇ લખાવેલુ હતુ. એ વાત ખરી નથી કે, તમામ ઈજાઓ સામાન્ય પ્રકારની ઈજાઓ હતી. એ વાત ખરી છે કે, ખરબચડા રોડ ઉપર કોઇ વ્યકિત પડી જાય તો આવી ઈજા થઇ

શકે. મારી સારવાર બાદ અન્ય ડોકટરે તપાસ કરેલી છે.

**૧૩.૨.** ઉપરોકત તબીબી સાહેદની જુબાનીનુ અવલોકન કરતા જણાય આવે છે કે, તા.૧૨/૧૨/૨૦૧૯ ના રોજ ઈજા પામનાર/સાહેદ સત્યેન્દ્ર ઉર્ફે બાબુ રામચંદ્ર શાહને આંક–૪૯ મા જણાવેલી ઈજાઓ નોંધાયેલ હતી. ઉપરોકત વિગતવાર ચર્ચા કર્યા મુજબ ઈજાપામનાર સાહેદ સતેન્દ્ર ઉર્ફે બાબુ રમેશચંદ્ર શાહુએ પોતાના પુરાવામા તેઓ રસ્તા પર નિકળેલ ત્યારે ઢોર દ્રવારા તેમને ઢીક વાગતા પડી જતા માથામા અને વાસામા ઈજા થયેલ અને તેમના ઉપર કોઈ આરોપીએ હથીયારો વડે હુમલો કરેલ હોય તેવુ બનેલ નથી તેમ કબુલ કરેલ છે. તેમજ ફરીયાદીએ પોતાના પુરાવામાં અંદરો–અંદર તકરાર થવાથી તેમને તથા તેમના દિકરા લાલજી અને સતેન્દ્ર અને અફઝલને ઈજાઓ થયેલ અને આ ઈજા કોણે કરેલ તેની તેમને ખબર નથી અને આરોપીઓએ તેમને માર મારેલ હોય તેવુ બનેલ નથી તેમ જણાવેલ છે એન ઉલટતપાસમાં પણ શેરીમા ધકકા–મુકકી થતા મને તથા મારા દિકરાને ઈજા થયેલી હતી તેમ જણાવેલ છે. પરંતુ ઈજા પામનાર સતેન્દ્ર ઉર્ફે બાબુ રમેશચંદ્ર શાહુને થયેલ ઈજા અંગે કાઈ હકીકત જણાવેલ નથી. આમ, ઉપરોકત ઈજા પામનાર ફરીયાદી તથા ઈજાપામનાર સાહેદ સતેન્દ્ર ઉર્ફે બાબુ રમેશચંદ્ર શાહુ બે જેઓ બંને ઈજા પામનાર અને મહત્વના સાહેદ ધ્વારા તેમને નિપજેલી  ઈજાઓ આરોપીઓ ધ્વારા કોઈ ગુનાહીત કૃત્યથી નીપજી હતી તેવો કોઈ સ્પષ્ટ અને સચોટ પુરાવો આપી રહયા નથી. આ સંજોગોમાં સદરહુ તબીબી પુરાવાને ઈજાપામનાર ફરીયાદી તથા સાહેદના મૌખિક પુરાવાથી સમર્થન મળતુ નથી.

**૧૪.** ત્યારબાદ ફરીયાદપક્ષના સાહેદ નં.૩ ડોકટર વિવેકભાઈ બીપીનભાઈ ખખ્ખરને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે, દર્દી બાબુભાઈ રામચંદ્રભાઈ શાહુને તેમના માતા રેખાબેન શાહુ દ્રવારા

તા.૧૫/૧૦/૨૦૧૯ ના રોજ સવારે કલાક:૧૦/૫૩ વાગ્યે એચ.જે.દોશી હોસ્પીટલમાં સારવાર માટે લાવવામાં આવેલા. તેમના કહેવા મુજબ તેમને થયેલી ઈજામા તલવાર, છરી અને ધારીયા વડે કરવામાં આવેલી હતી. આ ઈજાઓ છ–સાત માણસો આસીફ ઘનસુરો, મોટો સોહીલ, નાનો સોહીલ, અજય દરબાર, એઝાઝ અને બે અજાણ્યા શખ્સો દ્રવારા વેલનાથ મંદિર, જંગલેશ્વર રાજકોટ ખાતે તા.૧૨/૧૦/૨૦૧૯ ના રોજ કરવામાં આવેલી હતી. બાદમા તેઓને પ્રાથમીક સારવાર માટે સીવીલ હોસ્પીટલે દાખલ કરેલા અને બાદમા તા.૧૫/૧૦/૨૦૧૯ ના રોજ ત્યાંથી એચ.જે.દોશી હોસ્પીટલમાં રીફર કરેલા હતા. તે સમયે હુ ઓર્થોપેડીક સર્જન તરીકે ફરજ ઉપર હાજર હતા તે દરમ્યાન તેમની તપાસ કરતા તેમના શરીરમા ઈજા નં.(૧) જમણા પગના ગોઠણના નીચેના હાંડકામાં અસ્થીભંગ હતો. ઈજા નં.(૨) જમણા હાથના કોણી અને કાંડા વચ્ચે અસ્થીભંગ હતો. ઈજા નં.(૩) જમણા માથામાં ટાંકા લીધેલો ઘા હતો જેની અંદાજીત સાઈઝ ૭x૨ સેમી છે. ઈજા નં.(૪) જમણી બાજુના કાનમા ૨x૦.૫ સેમી.નો ટાંકા લીધેલો ઘા હતો. ઈજા નં.(૫) ડાબા ખંભા તથા પીઠના ભાગે ઉજરડાના ઘા હતા. ઈજા નં.(૬) મગજમા ઈજા હતી. ઈજા નં.(૭) લોહીમા ચેપ અને કમળાની અસર જોવા મળેલી હતી. બાદમા તેઓને અંદરના દર્દી તરીકે દાખલ કરવામાં આવેલા હતા અને તેઓને તા.૦૯/૧૧/૧૯ ના રોજ રજા આપવામા આવેલી હતી. આ અંગેનુ માર્ક–૫/૧૭ થી ઈજાનુ સર્ટીફીકેટ રજુ છે, જે મારા હસ્તાક્ષરમા છે, જેમા મારા હોદાનો સીકકો તથા સહી છે, જે આંક–૫૬ થી રજુ છે. વધુમા દર્દી દાખલ થાય ત્યારે હિસ્ટ્રી અને એકઝામીનેશન ફોર્મ પુછપરછ કરી ભરવામા આવે છે, જે અસલ ફોર્મ આંક–૫૭ થી રજુ છે.

**૧૪.૧.** આ ડોકટર સાહેદની બચાવપક્ષના વિધ્વાન વકીલશ્રીએ ઉલટતપાસ કરેલ છે. જેમા એ હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, દર્દીને થયેલી ઈજાઓમા કોઈ વ્યકિત બાઈક ઉપરથી

પડી જાય તો પણ આવી ઈજા સંભવી શકે છે. આંક–પ૭ વાળા દસ્તાવેજમા ઉપરની વિગત ખાલી છે. સાહેદ જણાવે છે કે, અમારે ફોર્મ ભરવાનુ હોય ત્યારે ઉપર સ્ટીકરમા બધી જ વિગતો આવી જતી હોય જેથી ઉપરની જગ્યા ખલી હોય છે. એ વાત ખરી છે કે, આખા ફોર્મમાં સ્ટીકર કયારે લગાડવામા આવેલુ તેનો સમય લખવામા વેલો નથી. એ વાત ખરી નથી કે, પોલીસના કહયા મુજબ પ્રમાણપત્ર આપવામા આવેલ છે. એ વાત ખરી છે કે, ઈજા પામનારે મને કોઈ હિસ્ટ્રી લખાવેલી નથી. સાહેદ જણાવે છે કે, તેમના માતાએ હિસ્ટ્રી લખાવેલી છે. એ વાત ખરી છે કે, દર્દીને અમારી હોસ્પીટલમાં લાવ્યા ત્યારે અગાઉ સીવીલ હોસ્પીટલના સારવારના પેપર્સ જોયેલા. એ વાત ખરી નથી કે, દર્દીને કોઈ સારવાર આપેલી ન હોવા છતા મે સારવાર કરેલાનુ ખોટુ જણાવુ છુ.

**૧૪.૨.** ઉપરોકત તબીબી સાહેદની જુબાનીનુ અવલોકન કરતા જણાય આવે છે કે, તા.૧પ/૧ર/ર૦૧૯ ના રોજ ઈજા પામનાર/સાહેદ સત્યેન્દ્ર ઉર્ફે બાબુ રામચંદ્ર શાહને આંક–પ૬ મા જણાવેલી ઈજાઓ નોંધાયેલ હતી. ઉપરોકત વિગતવાર ચર્ચા કર્યા મુજબ ઈજાપામનાર સાહેદ સતેન્દ્ર ઉર્ફે બાબુ રમેશચંદ્ર શાહુએ પોતાના પુરાવામા તેઓ રસ્તા પર નિકળેલ ત્યારે ઢોર દ્રવારા તેમને ઢીક વાગતા પડી જતા માથામા અને વાસામા ઈજા થયેલ અને તેમના ઉપર કોઈ આરોપીએ હથીયારો વડે હુમલો કરેલ હોય તેવુ બનેલ નથી તેમ કબુલ કરેલ છે. તેમજ ફરીયાદીએ પોતાના પુરાવામાં અંદરો–અંદર તકરાર થવાથી તેમને તથા તેમના દિકરા લાલજી અને સતેન્દ્ર અને અફઝલને ઈજાઓ થયેલ અને આ ઈજા કોણે કરેલ તેની તેમને ખબર નથી અને આરોપીઓએ તેમને માર મારેલ હોય તેવુ બનેલ નથી તેમ જણાવેલ છે એન ઉલટતપાસમાં પણ શેરીમા ધકકા–મુકકી થતા મને તથા મારા દિકરાને ઈજા થયેલી હતી તેમ જણાવેલ છે. પરંતુ ઈજા પામનાર સતેન્દ્ર ઉર્ફે બાબુ રમેશચંદ્ર શાહુને થયેલ ઈજા અંગે કાઈ હકીકત જણાવેલ નથી. આમ, ઉપરોકત ઈજા પામનાર ફરીયાદી તથા ઈજાપામનાર સાહેદ

સતેન્દ્ર ઉર્ફે બાબુ રમેશચંદ્ર શાહુ બે જેઓ બંને ઈજા પામનાર અને મહત્વના સાહેદ ધ્વારા તેમને નિપજેલી ઈજાઓ આરોપીઓ ધ્વારા કોઈ ગુનાહીત કૃત્યથી નીપજી હતી તેવો કોઈ સ્પષ્ટ અને સચોટ પુરાવો આપી રહ્યા નથી. આ સંજોગોમાં સદરહુ તબીબી પુરાવાને ઈજાપામનાર ફરીયાદી તથા સાહેદના મૌખિક પુરાવાથી સમર્થન મળતુ નથી.

**૧૫.** ફરીયાદપક્ષના સાહેદ નં.૪ ચીન્ટુગીરી ભીમગીરી ગોસ્વામીને આંક–૭૧ થી તથા સાહેદ નં.પ મનીષ કિશોરભાઇ ભાયાણીને આંક–૭૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં સરતપાસમાં જણાવેલ છે કે, પોલીસે સહી કરવાનુ કહેતા મે લખેલા કાગળમા સહી કરેલી અને મારી હાજરીમાં કોઇ બનાવવાળી જગ્યાનુ પંચનામું કરેલ હોય તેવુ બનેલ નથી અને મારી હાજરીમાં કોઇ મુદામાલ કબજે કરેલ હોય તેવુ બનેલ નથી. મને આંક–૭૨ વાળુ બનાવવાળી જગ્યાનુ પંચનામું બતાવવામા આવતા જેમા મારી સહી છે જે ઓળખી બતાવુ છુ. સદરહુ બંને પંચ સાહેદ પંચનામાંની હકીકતોને લેશમાત્ર સમર્થન આપતા ન હોય તેઓને વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ***ફરી ગયેલા*** જાહેર કરવામા આવેલ છે અને તેઓની ઉલટતપાસ કરવાની પરવાનગી આપવામાં આવતા ઉલટતપાસમાં તેમણે પંચનામાંની ફરીયાદપક્ષના કેસની હકીકતોનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે.

**૧૫.૧.** આ બંને પંચસાહેદની બચાવપક્ષના વિધ્વાન વકીલશ્રીએ ઉલટતપાસ કરેલ છે. જેમા એ હકીકનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, તૈયાર પંચનામામાં સહી કરેલી બીજુ કાઇ પણ જાણતો નથી.

**૧૫.૨.** ઉપરોકત બંને સાહેદનો પુરાવો જોતા તેઓએ તૈયાર કાગળમા પોલીસના કહેવાથી સહી કરેલાનુ અને તેમની હાજરીમા કોઇ બનાવવાળી જગ્યાનુ પંચનામુ કરેલ હોય તેવુ બનેલ નથી અને

કોઈ મુદામાલ કબજે કરેલ હોય તેવુ બનેલ નથી તેમ જણાવેલ છે. આમ, સદરહુ બંને પંચ સાહેદે પંચનામાંની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ ન હોય તેમના પુરાવાથી આંક–૭૨ વાળુ બનાવવાળી જગ્યાનુ પંચનામું પુરવાર થતુ નથી.

**૧૬.** ફરીયાદપક્ષના સાહેદ નં.૬ ધર્મેશભાઇ ભુપતભાઇ પરમારને આંક–૭૫ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં સરતપાસમાં જણાવેલ છે કે, પોલીસે સહી કરવાનુ કહેતા મે લખેલા કાગળમા સહી કરેલી અને મારી હાજરીમાં કોઇ ઇજા પામનારનુ શરીર સ્થીતીનુ પંચનામું કરેલ હોય તેવુ બનેલ નથી તથા કોઇ કપડા કબજે કરેલ હોય તેવુ બનેલ નથી અને પોલીસ સીવાય અન્ય કોઇ માણસ હાજર હોય તેવુ બનેલ નથી અને કોઇને સરકારી હોસ્પીટલે લઇ જવાના હતા કે કેમ તેની મને ખબર નથી. મને આંક–૭૬ વાળુ પંચનામું બતાવવામા આવતા જેમા મારી સહી છે જે ઓળખી બતાવુ છુ. સદરહુ પંચ સાહેદ પંચનામાંની હકીકતોને લેશમાત્ર સમર્થન આપતા ન હોય તેઓને વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ***ફરી ગયેલા*** જાહેર કરવામા આવેલ છે અને તેઓની ઉલટતપાસ કરવાની પરવાનગી આપવામાં આવતા ઉલટતપાસમાં તેમણે પંચનામાંની ફરીયાદપક્ષના કેસની હકીકતોનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે.

**૧૬.૧.** આ પંચસાહેદની બચાવપક્ષના વિધ્વાન વકીલશ્રીએ ઉલટતપાસ કરેલ છે. જેમા એ હકીકનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, તૈયાર પંચનામામાં સહી કરેલી બીજુ કાઇ પણ જાણતો નથી.

**૧૬.૨.** ઉપરોકત પંચસાહેદનો પુરાવો જોતા તેઓએ તૈયાર કાગળમા પોલીસના કહેવાથી સહી કરેલાનુ અને તેમની હાજરીમા કોઇ ઇજા પામનારનુ શરીર સ્થીતીનુ પંચનામુ કરેલ હોય તેવુ બનેલ નથી તથા કોઇ કપડા કબજે કરેલ હોય તેવુ બનેલ નથી તેમ જણાવેલ છે. આમ, સદરહુ પંચ સાહેદે પંચનામાંની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ ન હોય તેમના પુરાવાથી આંક–૭૬ વાળુ ઇજા

પામનારનુ શીરીર સ્થીતીનુ પંચનામું પુરવાર થતુ નથી.

**૧૭.** ત્યારબાદ ફરીયાદપક્ષના સાહેદ નં.૮ ઈજા પામનાર–અફઝલ મહમદભાઈ બેલીમને આંક–૧૦૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે, હુ બનાવના અરસામા જેસીંગભાઈ સેટાણીયાના કારખાનાનો માલસામાન લઈને રીક્ષાના ફેરા કરતો હતો. **જેસીંગભાઈના દિકરાનુ નામ લાલજી છે અને તેની સાથે કોઈએ મોટર સાઈકલ ભટકાડેલ હોય અને ઝઘડો થયેલ હોય અને ત્યારપછી હથીયારથી મારામારી થયેલ હોય અને તેમા મને કે અન્ય લોકોને ઈજાઓ થયેલ હોય તેવુ બનેલ નથી. કોર્ટમા હાજર છે તે લોકો(આરોપી)ને કારણે મને કે બીજા કોઈને હથીયારથી ઈજા થયેલ હોય તેવુ બનેલ નથી.** મે પોલીસને કોઈ નિવેદન લખાવેલ નથી. મને કોઈ મુદામાલ બતાવવામા આવે તો હુ ઓળખી શકુ નહી. સદરહુ સાહેદ ફરીયાદપક્ષની હકીકતોને લેશમાત્ર સમર્થન આપતા ન હોય તેઓને વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ***ફરી ગયેલા*** જાહેર કરવામા આવેલ છે અને તેઓની ઉલટતપાસ કરવાની પરવાનગી આપવામાં આવતા ઉલટતપાસમાં તેમણે ફરીયાદપક્ષના કેસની હકીકતોનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે.

**૧૭.૧.** આ ઈજા પામનાર સાહેદની બચાવપક્ષના વિધ્વાન વકીલશ્રીએ ઉલટતપાસ કરેલ છે. જેમા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **એ વાત ખરી છે કે, મને હાથમાં ઈજા પડી જવાના કારણે થયેલી.**

**૧૭.૨.** ઉપરોકત સાહેદનો પુરાવો જોતા તેઓએ સરતપાસમાં જણાવેલ છે કે, જેસીંગભાઈના દિકરાનુ નામ લાલજી છે અને તેની સાથે કોઈએ મોટર સાઈકલ ભટકાડેલ હોય અને ઝઘડો થયેલ હોય અને ત્યારપછી હથીયારથી મારામારી થયેલ હોય અને તેમા મને કે અન્ય લોકોને ઈજાઓ થયેલ હોય તેવુ બનેલ નથી. કોર્ટમા હાજર છે તે લોકો(આરોપી)ને કારણે મને કે બીજા કોઈને હથીયારથી ઈજા થયેલ હોય તેવુ બનેલ નથી. તેમજ ઉલટતપાસમાં એ વાત ખરી છે

કે, મને હાથમાં ઈજા પડી જવાના કારણે થયેલી તેમ જણાવેલ છે. આમ, સદરહુ ઈજા પામનાર સાહેદે ફરીયાદ પક્ષની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ ન હોય તેમના પુરાવાથી ફરીયાદપક્ષની હકીકત પુરવાર થતી નથી.

**૧૮.** ત્યારબાદ ફરીયાદપક્ષના સાહેદ નં.૯ ઈજા પામનાર–લાલજીભાઇ જેસીંગભાઈ સેટાણીયાને આંક–૧૦૬ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે,પોલીસે બનાવ બાબતે મારુ કોઇ નિવેદન લીધેલ હોય તેવુ બનેલ નથી. **મારી હાજરીમા કોઈ મારામારીનો બનાવ બનેલ નથી.** પોલીસની હાજરીમા મે કોઈ માણસને ઓળખી બતાવેલ હોય કે કોઈ હથીયાર ઓળખી બતાવેલ હોય તેવુ બનેલ નથી. મને મુદામાલ બતાવવામા આવે તો હુ ઓળખી શકુ નહી અને મ**ને બનાવમાં કોઈ ઈજા થયેલ નથી અને બનાવમા મારા પિતાને પણ ઈજા થયેલ હોય તેવુ બનેલ નથી અને બનાવ મે નજરે જોયેલ નથી.** સદરહુ સાહેદ ફરીયાદપક્ષની હકીકતોને લેશમાત્ર સમર્થન આપતા ન હોય તેઓને વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ***ફરી ગયેલા*** જાહેર કરવામા આવેલ છે અને તેઓની ઉલટતપાસ કરવાની પરવાનગી આપવામાં આવતા ઉલટતપાસમાં તેમણે ફરીયાદપક્ષના કેસની હકીકતોનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે.

**૧૮.૧.** ઉપરોકત સાહેદનો પુરાવો જોતા મારી હાજરીમા કોઈ મારામારીનો બનાવ બનેલ નથી અને તેમને અને તેમના પિતાને બનાવમા કોઈ ઈજા થયેલ હોય તેવુ બનેલ નથી અને બનાવ મે નજરે જોયેલ નથી તેમ જણાવેલ છે. આમ, સદરહુ ઈજા પામનાર સાહેદે ફરીયાદ પક્ષની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ ન હોય તેમના પુરાવાથી ફરીયાદપક્ષની હકીકત પુરવાર થતી નથી.

**૧૯.** ત્યારબાદ ફરીયાદપક્ષના સાહેદ નં.૯(એ) થી ડોકટર એચ.એસ.તલવેલકરને આંક–૧૧૬ થી સોગંદ ઉપર તપાસવામાં

આવેલા છે. તેઓએ સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે, હુ સને–૨૦૧૯ મા પી.ડી.યુ.હોસ્પીટલમાં ઇમરજન્સી વિભાગમા મેડીકલ ઓફીસર તરીકે ફરજ પર હતી ત્યારે જેસીંગભાઇ રઘુભાઇ અને અફઝલભાઇ મહમદભાઇ બેલીમ બંને અમો પાસે આવેલા અને મે હિસ્ટ્રી પુછતા એમ જણાવેલ હતુ કે આશીક અને બલદેવભાઇએ સાંજના છએક વાગ્યે છરી વડે માર મારેલ છે તેવુ જણાવતા તેઓને જોઇ તપાસના દર્દી સભાન અવસ્થામાં હતા અને તેના વાઇટલ નોર્મલ હતા. દર્દી જેસીંગભાઇને જોઇ તપાસના તેના ડાબા હાથ પર સજો હતો અને છુંદાયેલો, કપાયેલો ઘા હતો. સોનોગ્રાફી નોર્મલ હતી. જેઓ અગાઉથી ઓર્થોપેડીક વોર્ડમા દાખલ હતા. મને માર્ક–૫/૧૮ બતાવવામા આવે છે, જે જોઇને કહુ છુ કે, તેમા મારી સહી છે અને આ મેડીકલ સર્ટીફીકેટ મારા હસ્તાક્ષરમા લખાયેલુ છે, જે આંક–૧૧૭ થી રજુ છે. તેમજ દર્દી અફઝલભાઇ બેલીમને તપાસતા તેના ડાબા હાથ પર સોજો તથા ઉજરડા હતા તથા ટચલી આંગળનુ એક્ષ–રે કરાવતા તેમા આગળના ભાગમા ફ્રેકચર જણાયેલ હતુ અને તેઓ અગાઉથી ઓર્થોપેડીક વોર્ડમાં દાખલ હતા. મને માર્ક–૫/૧૯ બતાવવામા આવે છે, જે જોઇને કહુ છુ કે, તેમા મારી સહી છે અને આ મેડીકલ સર્ટીફીકેટ મારા હસ્તાક્ષરમા લખાયેલુ છે, જે આંક–૧૧૮ થી રજુ છે.

**૧૯.૧.** આ ડોકટર સાહેદની બચાવપક્ષના વિધ્વાન વકીલશ્રીએ ઉલટતપાસ કરેલ છે. જેમા એ હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, કોઇપણ દર્દીને લઇ આવે ત્યારે પહેલા એમ.એલ.સી.વિભાગમા પેપર્સ તૈયાર થતા હોય છે. એ વાત ખરી છે કે, તે દર્દીઓને કોણ લઇને આવેલ હોય અને ત્યાં શુ લખાવેલ હોય તેની માહીતી મારી પસે ન હોય. એ વાત ખરી છે કે, દર્દીઓએ ઇજા પહોંચાડનાર તરીકે આશીક અને બલદેવ સીવાય કોઇના નામ લીધેલ નથી. એ વાત ખરી છે કે, મારી સરતપાસમાં જણાવ્યા મુજબની ઇજાઓ ચાલુ વાહનમા પડી જવાથી પણ સંભવી શકે છે.

**૧૯.૨.** ઉપરોકત તબીબી સાહેદની જુબાનીનુ અવલોકન કરતા જણાય આવે છે કે, ઈજા પામનાર/સાહેદ જેસીંગભાઇ રઘુભાઇ સેટાણીયાને આંક–૧૧૭ મા જણાવેલી ઈજાઓ નોંધાયેલ હતી. અને ઈજા પાનાર/સાહેદ અફઝલભાઇ બેલીમને આંક–૧૧૮ માં જણાવેલી ઈજાઓ નોંધાયેલ હતી. આમ, આંક–૧૧૭ તથા આંક–૧૧૮ પુરવાર થાય છે. ઉપરોકત વિગતવાર ચર્ચા કર્યા મુજબ <u>ઈજાપામનાર ફરીયાદી જેસીંગભાઇ સેટાણીયાએ</u> પોતાના પુરાવામા તેઓને કોઈ સાથે માથાકુટ થયેલ હોય તેવુ બનેલ નથી અને અંદરો અંદર તકરાર થવાથી ફરીયાદીને તથા તેમના દિકરા લાલજી અને સાહેદ સતેન્દ્ર અને અફઝલને ઈજાઓ થયેલ હતી અને આ ઈજાઓ કોણે કરેલી તેની તેમને ખબર નથી અને આરોપીઓએ સાથે અમારે તકરાર થયેલ હોય કે આરોપીઓએ માર મારેલ હોય તેવુ બનેલ નથી તેમ જણાવેલ છે. તેમજ ઉલટતપાસમાં પણ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, શેરીમા ધકકા–મુકકી થતા તેમને તથા તેમના દિકરાને ઈજા થયેલી હતી. <u>તેમજ ઈજા પામનાર સાહેદ અફઝલભાઇ બેલીમે</u> પોતાના પુરાવામાં જેસીંગભાઇના દિકરાનુ નામ લાલજી છે અને તેની સાથે કોઇએ મોટર સાઇકલ ભટકાડેલ હોય અને ઝઘડો થયેલ હોય અને ત્યારપછી હથીયારથી મારામારી થયેલ હોય અને તેમા મને કે અન્ય લોકોને ઈજાઓ થયેલ હોય તેવુ બનેલ નથી અને આરોપીને કારણે મને કે બીજા કોઇને હથીયારથી ઈજા થયેલ હોય તેવુ બનેલ નથી. તેમજ ઉલટતપાસમાં મને હાથમાં ઈજા પડી જવાના કારણે થયેલી તેમ જણાવેલ છે. આમ, ઉપરોકત ઈજા પામનાર ફરીયાદી તથા ઈજાપામનાર સાહેદ અફઝલભાઇ બેલીમ કે જેઓ બંને ઈજા પામનાર અને મહત્વના સાહેદ ધ્વારા તેમને નિપજેલી ઈજાઓ આરોપીઓ ધ્વારા કોઇ ગુનાહીત કૃત્યથી નીપજી હતી તેવો કોઇ સ્પષ્ટ અને સચોટ પુરાવો આપી રહયા નથી. આ સંજોગોમાં સદરહુ તબીબી પુરાવાને ઈજાપામનાર ફરીયાદી તથા સાહેદના મૌખિક પુરાવાથી સમર્થન મળતુ નથી.

**૨૦.** ફરીયાદપક્ષના સાહેદ નં.૧૦ કેતનભાઈ મનોજભાઈ પરમારને આંક–૧૨૩ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં સરતપાસમાં જણાવેલ છે કે, મને પોલીસવાળાએ બોલાવેલ હોય અને પંચનામામાં પંચ તરીકે સહી કરવાનુ કહેલ હોય તેવુ બનેલ નથી. કોઈ ગુન્હા સંબંધે સીસીટીવી કેમેરાનુ રેકોર્ડીંગ કબજે કરવા ડીવીઆર કબજે કરેલ હોય કે તેમા સીસીટીવી ફુટેજ મે જોયેલ હોય તેવુ બનેલ નથી. મને પોલીસે સહી કરવાનુ કહેતા મે સહી કરી આપેલ. કયા દસ્તાવેજમા સહી કરેલ છે તેની મને ખબર નથી. મને કોઈ મુદામાલ બતાવવામા આવે તો હુ ઓળખી શકુ નહી. મને આંક–૧૨૪ વાળુ ડીવીઆર કબજે કર્યા અંગેનુ પંચનામું બતાવવામા આવતા જેમા મારી સહી છે જે ઓળખી બતાવુ છુ. સદરહુ પંચ સાહેદ પંચનામાંની હકીકતોને લેશમાત્ર સમર્થન આપતા ન હોય તેઓને વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ***ફરી ગયેલા*** જાહેર કરવામા આવેલ છે અને તેઓની ઉલટતપાસ કરવાની પરવાનગી આપવામાં આવતા ઉલટતપાસમાં તેમણે પંચનામાંની ફરીયાદપક્ષના કેસની હકીકતોનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે.

**૨૦.૧.** ઉપરોકત પંચસાહેદનો પુરાવો જોતા તેઓએ પોલીસવાળાએ બોલાવેલ હોય અને પંચનામામાં પંચ તરીકે સહી કરવાનુ કહેલ હોય તેવુ બનેલ નથી અને કોઈ ગુન્હા સંબંધે સીસીટીવી કેમેરાનુ રેકોર્ડીંગ કબજે કરવા ડીવીઆર કબજે કરેલ હોય કે તેમા સીસીટીવી ફુટેજ મે જોયેલ હોય તેવુ બનેલ નથી અને પોલીસે સહી કરવાનુ કહેતા સહી કરી આપેલ, કયા દસ્તાવેજમા સહી કરેલ તેની ખબર નથી તેમ જણાવેલ છે. આમ, સદરહુ પંચ સાહેદે પંચનામાંની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ ન હોય તેમના પુરાવાથી આંક–૧૨૪ વાળુ ડીવીઆર કબજે કર્યાન અંગેનુ પંચનામું પુરવાર થતુ નથી.

**૨૧.** ત્યારબાદ ફરીયાદપક્ષના સાહેદ નં.૧૧ થી પોલીસ સાહેદ

અસ્મીતા વાલાભાઈ પીપરોતરને આંક–૧૧૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે, હુ સને–૨૦૧૯ મા ભકિતનગર પોલીસ સ્ટેશન ખાતે પી.એસ.આઈ.તરીકે ફરજ પર હતી ત્યારે ફરીયાદી જેસીંગભાઈ રઘુભાઈ સેટાણીયાએ મારી રૂબરૂ આંક–૩૪ વાળી ફરીયાદ આપેલ હતી જે અંગે મે ગુનો રજીસ્ટર કરવા બાબત પી.એસ.ઓ.ને આંક–૧૪૫ વાળો પત્ર કરેલ, જેમા મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ.

**૨૧.૧.** આ પોલીસ સાહેદની બચાવપક્ષના વિધ્વાન વકીલશ્રીએ ઉલટતપાસ કરેલ છે. જેમા એ હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી નથી કે, ફરીયાદીએ તેની ફરીયાદમા કોઈના નામ લખાવેલા ન હતા. એ વાત ખરી નથી કે, ફરીયાદ મે મારી રીતે નોંધી લીધેલી. એ વાત ખરી છે કે, ફરીયાદ લીધા સીવાય બીજી કોઈ તપાસ કરેલ નથી.

**૨૧.૨.** ઉપરોકત પોલીસ સાહેદનો પુરાવો જોતા તેઓએ તેમની ફરજના ભાગરૂપે પોતે કરેલ આ કામની ફરીયાદની નોંધણીની વિગતો જણાવેલ છે. આમ, આ પોલીસ સાહેદે પુરાવામા અન્ય કોઈ ફળદાયી હકીકત જણાવેલ નથી. તદઉપરાંત ઉપરોકત ચર્ચા મુજબ આ કામના મુખ્ય સાહેદ ફરીયાદી/ઈજાપામનારે ફરીયાદની વિગતોને કોઈ સમર્થન આપ્યુ નથી અને ફરીયાદ પુરવાર થયેલ નથી. આ સંજોગોમાં સદરહુ પોલીસ સાહેદનો પુરાવો ફરીયાદપક્ષને મદદકર્તા બનતો નથી.

**૨૨.** ત્યારબાદ ફરીયાદપક્ષના સાહેદ નં.૧૨ તપાસ કરનાર અધિકારી વિરલદાન ખેંગારદાન ગઢવીને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે, હુ સને–૨૦૧૯ મા ભકતીનગર પોલીસ સ્ટેશન ખાતે પી.આઈ.તરીકે ફરજ પર હતો ત્યારે અમારા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ.એ.વી.પીપરોતરે ફરીયાદીની વિગતવાર ફરીયાદ

લીધેલ અને ત્યારબાદ ગુનો રજીસ્ટર કરવામા આવેલ અને આગળની તપાસ અમોને મળતા મારી તપાસ દરમ્યાન મે જરૂરી પંચનામાંઓ કરેલા તેમજ લાગતા-વળગતા સાહેદોના નિવેદનો લીધેલા અને આરોપીઓની અટક કરેલી અને જરૂરી પત્ર વ્યવહાર કરેલ અને ઈજા પામનારના મેડીકલ સર્ટીફીકેટ મેળવેલ તેમજ મુદામાલ કબજે કરી પૃથ્થકરણ અર્થે મોકલી આપેલ અને મારી તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઇ આવતા આરોપી આશીફ ઉર્ફે ગંધારા વિરૂધ્ધ પી.આઇ.જે.ડી.ઝાલાએ નામદાર કોર્ટમાં પુરવણી ચાર્જશીટ કરેલુ અને અન્ય તમામ આરોપીઓ વિરૂધ્ધ મે મુખ્ય તેમજ પુરવણી ચાર્જશીટ કરેલુ. વધુમા આ કામે કબજે કરવામા આવેલ મુદામાલ ખોલી બતાવવામા આવતા જે જોઇને તપાસ કરનાર અધિકારી જણાવે છે કે, આ એજ મુદામાલ છે જે તપાસના કામે કબજે કરવામા આવેલ હતો. વધુમા તપાસ કરનાર અધિકારીએ આંક-૧૫૦ થી આંક-૧૭૫ સુધીના દસ્તાવેજો પોતાના સોગંદ ઉપરના પુરાવા દરમ્યાન રજુ કરેલા છે જે તેણે તપાસ દરમ્યાન કબજે કરેલા અને લખેલા દસ્તાવેજો છે.

**૨૨.૧.** સદરહુ તપાસ કરનાર અધિકારીએ બચાવપક્ષના વિધ્વાન વકીલશ્રીએ કરેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, હાલનો ગુનો વીઝીટેશનનો ગુનો છે. એ વાત ખરી છે કે, હાલના કોઇપણ કેસમા કોઇ વીઝીટેશન અધિકારીની સહી કે સીકકા નથી. એ વાત ખરી છે કે, હાલના કામે કબજે કરવામાં આવેલ આંક-૧૭૫ વાળા ડીવીડી સીસીટીવી ફુટેજના કબજે કરેલ ફોટોગ્રાફસ અંગેનુ ભારતીયુ પુરાવા અધિનીયમનુ કલમ-૬૫(બી) નુ સર્ટીફીકેટ રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, આંક-૧૭૫ થી રજુ થયેલ ફોટોગ્રાફસમા આરોપી આશીફના હાથમા કોઇ હથીયાર હોય તેવુ જણાઇ આવતુ નથી. તેમજ આંક-૧૭૫ વાળા ફોટોગ્રાફસ કઇ તારીખ અને કયા સમયના છે તેવી વિગતો જણાઇ આવતી નથી. એ વાત ખરી છે કે, હાલના કામે કબજે કરેલ મુદામાલ હથીયારો બજારમાં સહેલાઇથી મળી શકે છે. એ વાત ખરી

નથી કે, મારી સરતપાસમાં જણાવ્યા મુજબના તમામ પંચનામાંઓ પોલીસ સ્ટેશનમાં બેસી તૈયાર કરી તેમા પંચોની માત્ર સહીઓ કરાવેલી છે. એ વાત ખરી નથી કે, સાહેદોના નિવેદનો અમોએ અમારી જાતે ફરીયાદને અનુરૂપ લખી લીધેલા છે. એ વાત ખરી છે કે, આંક–૧૭૫ વાળા ફોટોગ્રાફસના સીસીટીવી ફુટેજના બાબતની ડીવીડી બનાવી તપાસના કામે રજુ કરેલ નથી કે એફએસએલમા મોકલી આપેલ નથી. એ વાત ખરી નથી કે, આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોવા છતા ખોટી ફરીયાદને સમર્થન આપવા ખોટી તપાસ કરી ખોટુ ચાર્જશીટ કરેલુ છે. એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યાના સીસીટીવી કેમેરાના મકાનના માલીકનુ કોઈ નિવેદન તપાસના કામે લીધેલ નથી.

**૨૨.૨.** ઉપરોકત તપાસ કરનાર અમલદારના પુરાવાની હકીકતો સાથે ફીરયાદી તથા ઈજા પામનારના પુરાવાનુ મુલ્યાંકન કરતા આક્ષેપીત બનાવ નિ:શંકપણે સ્થાપીત થતો નથી ત્યારે તપાસ કરનાર અધિકારીના પુરાવાને પણ સાહેદોના પુરાવાથી સમર્થન મળતુ નથી. વધુમાં ફરીયાદપક્ષે આંક–૧૭૫ થી જે ફોટોગ્રાફસ રજુ કરેલ છે તે ફોટોગ્રાફસ બાબતે એફ.એસ.એલ.માંથી અભિપ્રાય મેળવેલ નથી કે એવીડીન્સ એકટની કલમ–૬૫(બી) મુજબનુ સર્ટીફીકેટ રજુ કરેલ નથી. વધુમાં મૌખિક પુરાવાઓમાં ઈજા પામનાર, નજરે જોનાર સાહેદે બનાવને કે ઈજાઓની હકીકતોને સમર્થન કરેલ નથી. તે સંજોગોમાં ફોટોગ્રાફસના આધારે આરોપીઓ ગુનામાં સંડોવાયેલ હોય તેવુ પુરવાર થયેલ ગણાવી શકાય નહી.

**૨૩.** આ તબકકે નામદાર ગુજરાત હાઈકોર્ટના ક્રિમીનલ અપીલ નં.૧૫૪૨/૨૦૧૯ ના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત નીચે મુજબ છે.

*Para-5. Having regard to the submissions made by the learned advocates for the respective parties and to the documents on record, more particularly, the depositions of*

*the witnesses and the findings recorded by the Special Court, it appears that the victim was aged about 17 years and 6 months on the date of alleged incident on 06.03.2018, however, in her evidence before the Special Court, she had stated that she had left the house as her mother had scolded her and she had gone to the house of the maternal uncle. She had further stated that after four days of the incident, her mother having telephoned her, her maternal uncle had again brought her back to her parents. In short, the victim herself had not supported the case of the prosecution that the respondent – accused had forcibly taken her from the lawful custody of her parents and committed rape on her, as alleged by the prosecution. The other witnesses i.e. the brother and Bhabhi of the victim also had turned hostile. Thus, the material witnesses having turned hostile, there was hardly any evidence connecting the respondent – accused with the alleged crime. It is needless to say that when two views are possible, the appellate court should be slow in interfering with the judgement of acquittal. The Special Court having recorded the findings that the prosecution had failed to prove the charges levelled against the respondent – accused beyond reasonable doubt, this Court is not inclined to interfere with the said findings, more particularly, when Ms. Pandey, learned advocate for the appellant, has failed to point out any illegality or infirmity in the impugned judgement and order passed by the Special Court.*

**૨૪.** આમ, નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદામાં ઠરાવ્યા મુજબ હાલના કેસમા મટીરીયલ વિટનેસ એટલે કે ઈજા પામનાર ફરીયાદી અને સાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી અને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. આ સંજોગોમાં ફરીયાદી અને

ઈજા પામનાર જે મહત્વના સાહેદો છે તેઓએ સોગંદ ઉપરની જુબાનીમાં આરોપી સામેનુ તહોમત પુરવાર કરવા માટેનો લેશમાત્ર પુરાવો આપેલ નથી. તે સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધ નિ:શંકપણે કેસ પુરવાર કરી શકેલ નથી.

**૨૫.** વધુમાં, નામદાર સુપ્રિમ કોર્ટના રાજીવસિંગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ બિહાર ૨૦૧૫ એઆઈજે ઈએલએસસી પાના નં.૫૭૬૬૩ ના ચુકાદામાં ઠરાવેલ છે કે, *It is well entrenched principal of Criminal jurisprudence that a charge can be said to be proved only when there is certain and explicit evidence ot warrant legal conviction and that no person can be held guilty on pure be, otherwise stirring he conscience of any court, suspicion alone cannot take the place of legal proof. The well established cannon of criminal justice is "fouler the crime higher the proof". In unmistakable terms, it is the mandate of law that the prosecution in order to succeed in a criminal trial, has to prove the charge(s) beyond all reasonable doubt.*

*The above enunciation resonated umpteen times to be reiterated in Raj Kumar Singh @ Raju @ Batya vs. State of Rajasthan (2013) 5 SCC 722 as succinctly summarized in paragraph 21 as hereunder:*

*"Suspicion, however grave it may be, cannot take the place of proof, and there is a large difference between something that "may be" proved and "will be proved". In a criminal trial, suspicion no matter how strong, cannot and must not be permitted to take place of proof. This is for the reason that the mental distance between "may be" and "must be" is quite large and divides vague conjectures from sure conclusions. In a criminal case, the court has a duty to ensure that mere conjectures or suspicion do not take the*

*place of legal proof. The large distance between "may be" true and "must be" true, must be covered by way of clear, cogent and unimpeachable evidence produced by way of clear, cogent and unimpeachable evidence produced by the prosecution, before an accused is condemned as a convict, and the basic and golden rule must be applied. In such cases, while keeping in mind the distance between "may be" and "must be" true, the court must maintain the vital distance between conjectures and sure conclusions to be arrived at, on the touchstone of dispassionate judicial scrutiny based upon a complete and comprehensive appreciation of all features of the case, as well as the quality and credibility of the evidence brought on record. The court must ensure that miscarriage of justice is avoided and if the facts and circumstances of a case so demand, then the benefit of doubt must be given to the accused., keeping in mind that a reasonable doubt is not an imaginary, trivial or a merely probable doubt, but a fair doubt that is based upon reason and common sense." [ Emphasis laid by the court]*

*In supplementation, it was held in affirmation of the view taken in Kali Ram vs. State of H.P. (1973) 2 SCC 808 that if two views are possible on the evidence adduced in the case, one pointing to the guilt of the accused and the other to his innocence, the view which is favourable to the accused should be adopted.*

*In terms of this judgment, suspicion, howsoever grave cannot take the place of proof and the prosecution case to succeed has to be in the category of "must be" and not "may be". A distance to be covered by way of clear,*

*cogent and unimpeachable evidence to rule out any possibility of wrongful conviction of the accused and resultant miscarriage of justice. For this, the Court has to essentially undertake an exhaustive and analytical appraisal of the evidence on record and register findings as warranted by the same. The above proposition is so well-established that it does not call for multiple citations to further consolidate the same.*

**૨૬.** ઉપરોકત તમામ પુરાવાઓનુ મુલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતા ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવો પડે અને આરોપી સામે શંકા ઉપજે તેટલો પુરાવો હોય તો તેને તકસીરવાન ઠરાવી શકાય નહી. આ કામે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ ઉપરોકત તમામ પુરાવાનુ મુલ્યાંકન કરતા આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપીત ગુનાઓ હેઠળની કાનુની જોગવાઈ અને તેના આવશ્યક તત્વો ધ્યાને લેતા અત્રે એવી હકીકતો નિ:શંકપણે સ્થાપિત થતી નથી કે, આરોપીઓએ એક સંપ થઈ ગેરકાયદેસર મંડળી રચી પ્રાણઘાતક હથીયારો ધારણ કરી સમાન ઈરાદો પાર પાડવા ફરીયાદીના ઘર પાસે જઈ ફરીયાદી તથા સાહેદો ઉપર હુમલો કરી ઈજા પહોંચાડી અને સાહેદ સત્યેન્દ્ર ઉર્ફે બાબુનુ મોત નિપજાવવાની કોશીષ કરી ગંભીર પ્રકારની ઈજાઓ કરી અને ફરીયાદી તથા સાહેદના મોટર સાઈકલોમા તોડફોડ કરી નુકશાન કરી મહે.પોલીસ કમીશ્નરશ્રીના, હથીયારબંધીના જાહેરનામાંનો ભંગ કરી ગુન્હો કરેલ છે. આમ, ફરીયાદપક્ષ રોપીઓ વિરૂધ્ધનુ તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે. તે સંજોગોમાં ઉપરોકત કારણો તેમજ પુરાવો ધ્યાને લેતા ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નં.૧ નો જવાબ ''**નકારમાં'' આ**પી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## -// આખરી હુકમ //-

**૧.** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૫૮(૧) મુજબ સેશન્સ કેસ નં.૮૫/૨૦૨૧ ના આરોપી **આશીફ ઉર્ફે ગંધારો સુલેમાનભાઈ સમા,** ઉ.વ. આ.૪૨, રહે.જંગલેશ્વર શેરી નં.૨૯ ના છેડે, તવકકલ ચોક, રાજકોટ

– તથા સેશન્સ કેસ નં.૪૧/૨૦૨૨ ના આરોપી નં.**(૧) નિલોફર ઉર્ફે નિલુડી અજીતભાઈ હિંગોરા,** ઉ.વ. આ.૨૦, વ્યવસાય : ઘરકામ, રહે.જંગલેશ્વર મેઈન રોડ, વેલનાથ ચોક, રાધાકૃષ્ણનગર શેરી નં.૧૩, રાજકોટ, **(૨) રોશનબેન આશીફભાઈ સમા,** ઉ.વ. આ.૨૮, રહે.જંગલેશ્વર શેરી નં.૨૯, તવકકલ ચોક, રાજકોટ, **(૩) જુનેદ ઉર્ફે રાજુ સુમરો અલીમહમદ દોઢીયા, (એબેટ)** ઉ.વ. આ.૪૨, રહે.જંગલેશ્વર, અંકુર સોસાયટી શેરી નં.૧, હુશૈની મંઝીલ, રાજકોટ.

– તથા સેશન્સ કેસ નં.૫૦/૨૦૨૨ ના રોપી નં.**(૧) મોઈન મહેબુબભાઈ અજમેરી,** ઉ.વ. આ.૨૦, વ્યવસાય : મજુરીકામ, રહે.જંગલેશ્વર મેઈન રોડ, વેલનાથ ચોક, રાધાકૃષ્ણનગર શેરી નં.૧૩, રાજકોટ, **(૨) એઝાજ અનવરભાઈ અજમેરી, ઉ.**વ.આ.૨૩, વ્યવસાય : મજુરીકામ, રહે.જંગલેશ્વર મેઈન રોડ, વેલનાથ ચોક, રાધાકૃષ્ણનગર શેરી નં.૧૩, રાજકોટ, **(૩) અજસિંહ પ્રવિણસિંહ જાડેજા, ઉ.**વ. આ.૨૪, વ્યવસાય : મજુરીકામ, રહે.જંગલેશ્વર મેઈન રોડ, વેલનાથ ચોક, ખોડીયાર પાનની બાજુમા, રાજકોટ, **(૪) સોહીલ ઉર્ફે નાનો સોહીલો અબ્દુલભાઈ હિંગોરા, ઉ.**વ. આ.૧૯, વ્યવસાય : મજુરીકામ, **(૫) સોહીલ ઉર્ફે મોટો સોહીલો અબ્દુલભાઈ હિંગોરા, ઉ.**વ. આ.૨૩, વ્યવસાય : રીક્ષા ડ્રાઈવીંગ, **(૬) ઝરીનાબેન અજીતભાઈ અબ્દુલભાઈ હિંગોરા, ઉ.**વ. આ.૪૦, વ્યવસાય : ઘરકામ, **(૭) અનવર ઉર્ફે અનું હબીબભાઈ અજમેરી, ઉ.**વ. આ.૪૮, વ્યવસાય : મજુરીકામ, **(૮) અજીત અબ્દુલભાઈ હિંગોરા, ઉ.**વ. આ.૪૯, વ્યવસાય : રીક્ષા ડ્રાઈવીંગ, ૪ થી ૮ રહે.જંગલેશ્વર મેઈન રોડ, વેલનાથ ચોક,રાધાકૃષ્ણનગર શેરી નં.૧૩, રાજકોટ, **(૯) ઈલ્યાસ હારૂનભાઈ ડાકોરા, ઉ.**વ. આ.૨૩, વ્યવસાય : છાછ

વેચવાનો, રહે.જંગલેશ્વર શેરી નં.૨૫, ઝમઝમ ચોક, ૭૮૬ મકાન, રાજકોટ, **(૧૧) આશીફ ઉર્ફે જલેબી હારૂનભાઇ કુરેશી,** ઉ.વ. આ.૨૮, વ્યવસાય : મજુરીકામ, રહે.જંગલેશ્વર શેરી નં.૨૭, રાજકોટ, **(૧૨) વિપુલ ઉર્ફે ચોટી નરસીભાઇ વડદોરીયા,** ઉ.વ. આ.૨૪, વ્યવસાય : મજુરીકામ, રહે.રણુજા, ભોમેશ્વર સોસાયટી શેરી નં.૧, કોઠારીયા મેઈન રોડ, કનૈયાચોક, રાજકોટ નાઓને ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૭, ૩૨૬, ૩૨૫, ૩૨૪,૩૨૩,૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,૫૦૪,૫૦૬, ૪૨૭ તથા જી.પી.એકટની કલમ-૧૩૫(૧) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાઓમાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

– આ કામે આરોપી નં.**(૧૦) મનસુખભાઇ રણછોડભાઇ કુકડીયા નાઓ અવસાન પામેલ હોય જેથી એબેટ કરવામાં આવેલ છે.**

**૨.** જો આરોપી વિરુદ્ધના ગુન્હાને કામે અપીલ થાય તો અપીલ અદાલતમાં હાજર રહેવા માટે પ્રત્યેક આરોપીએ બી.એન.એસ.એસ. કલમ-૪૮૧ મુજબ રૂ.૧૫,૦૦૦/- (અંકે રુપિયા પંદર હજાર પુરા) ના જામીન રજુ કરવા, જે જામીનગીરી છ માસ સુધી અમલમાં રહેશે.

**૩.** આ કામે મુદામાલ પાવતીમાં દર્શાવેલ નોન વેલ્યુએબલ મુદામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવો.

હુકમ, આજ તારીખઃ ૧૬ મી, માહેઃ એપ્રિલ, સનેઃ ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ રાજકોટ. **(વિજયસિંહ અભેસિંહ રાણા)**
તારીખઃ ૧૬/૦૪/૨૦૨૬. એડીશનલ સેશન્સ જજ,
રાજકોટ.
*//VVK//* **(UID:GJ01510)**